હેન્લે પાસપોર્ટ ઈન્ડેક્સમાં ભારતે 90 મું સ્થાન પ્રાપ્ત કર્યું.



# E-COPY
(October-2021)
Part-2

# વર્તમાન પ્રવાહો

: DATE :
15/10/2021 to 31/10/2021

ભારત અને બ્રિટન વચ્ચે કોંકણ યુદ્ધ અભ્યાસ



ભારત સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદમાં સભ્ય તરીકે ચૂંટાયું

UNITED NATIONS
HUMAN RIGHTS
COUNCIL

વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે
અત્યંત ઉપયોગી સાપ્તાહિક વર્તમાન પ્રવાહો

- GPSC-I/II
- GPSC-III
- નાયબ મામલતદાર
- PSI/ASI Constable
- તલાટી
- Bank
- SBI
- IBPS
- SSC
- Railway

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

## મહત્વના મુદ્દાઓ

- **કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય મધ્યાહન ભોજન યોજના (નેશનલ મિડ–ડે મીલ સ્કીમ) હવેથી PM-પોષણ (POshan SHakti Nirman) યોજના તરીકે ઓળખાશે.**
  - → આ યોજનામાં હવે બાલવાટિકાઓ અથવા પ્રિ–પ્રાથમિક વર્ગોના વિદ્યાર્થીઓને પણ આવરી લેવામાં આવશે. મધ્યાહન ભોજન યોજના શિક્ષણ મંત્રાલય અંતર્ગતની એક કેન્દ્ર પ્રાયોજિત યોજના છે, જે વર્ષ 1995માં શરૂ કરાઈ હતી.
  - → આ યોજના અંતર્ગત, શુભ અવસરો / ઉત્સવો તથા વાર તહેવારે બાળકોને વિશેષ ભોજનનો આસ્વાદ કરાવવા વિવિધ સમુદાયના લોકોને 'તિથિ ભોજન' માટે પ્રોત્સાહિત કરાશે. મધ્યાહન ભોજન રાંધવા માટે શાળાના પોષણ બગીચાઓમાંથી પાકોનો ઉપયોગ કરાશે.
  - → યોજનાના રાષ્ટ્રવ્યાપી અમલીકરણમાં કૃષિ ઉત્પાદન સંગઠનો અને મહિલા સ્વ–સહાય જૂથોને પણ સામેલ કરાશે.
  - → સરકારે 2021-22થી 2025-26 એમ 5 વર્ષ માટે રૂ. 1.30 લાખ કરોડના કુલ અનુમાનિત ખર્ચ સાથે તેને મંજૂરી આપી છે.
- **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 25 ઓક્ટોબર, 2021ના ઉત્તર પ્રદેશની મુલાકાત લઈ તેમના સંસદીય મતવિસ્તાર વારાણસીથી રૂ. 64,000 કરોડનું 'PM આયુષ્યમાન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન' (પ્રધાનમંત્રી આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજના–PMASBY) લોન્ચ કર્યું હતું.**
  - → 'પ્રધાનમંત્રી આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ભારત યોજના' કેટલીક સૌથી મોટી રાષ્ટ્રવ્યાપી યોજનાઓ પૈકીની એક છે, જે સમગ્ર દેશમાં સ્વાસ્થ્યસંભાળ આંતરમાળખાને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રીત કરશે. નેશનલ હેલ્થ મિશન હેઠળ આ યોજના લોન્ચ કરાઈ છે.
  - → આ યોજના 10 ઉચ્ચ ધ્યાન કેન્દ્રીત રાજ્યોમાં 17,788 ગ્રામીણ સ્વાસ્થ્ય અને સુખાકારી કેન્દ્રો સ્થાપવા માટે સહાય પૂરી પાડશે. આ ઉપરાંત, દેશના બધા જ રાજ્યોમાં 11,024 શહેરી સ્વાસ્થ્ય અને સુખાકારી કેન્દ્રો સ્થાપશે.
  - → આ યોજના અંતર્ગત, વિશિષ્ટ ક્રિટિકલ કેર હોસ્પિટલ બ્લોકસ મારફત 5 લાખની વસતી ધરાવતા દેશના તમામ જિલ્લાઓમાં મહત્વની સ્વાસ્થ્યસંભાળ સેવાઓ ઉપલબ્ધ બનાવાશે. શેષ જિલ્લાઓને રેફરલ સેવાઓ મારફત આવરી લેવાશે.
  - → યોજનાનો ઉદ્દેશ તમામ મેટ્રોપોલિટન વિસ્તારોમાં તાલુકા, જિલ્લા, પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરે સર્વેલન્સ લેબોરેટરીઝના નેટવર્કના વિકાસ મારફત IT એનેબલ્ડ રોગ દેખરેખ પ્રણાલીના નિર્માણનો છે.
- **યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન (UNESCO)નો 'ધ રિપોર્ટ–2021 સ્ટેટ ઓફ ધ એજ્યુકેશન રિપોર્ટ (SOER) ફોર ઈન્ડિયા : નો ટીચર્સ, નો કલાસ' નામ રિપોર્ટ અનુસાર, ભારતીય શિક્ષકોને પૂર્વોત્તર અને આકાંક્ષી જિલ્લાઓમાં શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાઓની અછતનો સામનો કરવો પડે છે.**
  - → શહેરી અને ગ્રામીણ સ્કૂલો વચ્ચે તેમની કામ કરવાની સ્થિતિમાં અસમાનતાઓ છે. આ રિપોર્ટ UNESCOનો વાર્ષિક ફ્લેગશિપ રિપોર્ટ SOERની ત્રીજી આવૃત્તિ છે. આ રિપોર્ટમાં શિક્ષણ માટે એકીકૃત જિલ્લા માહિતી પ્રણાલી (UDISE) 2018-19 અને સમયાવધિ શ્રમ બળ સર્વેક્ષણ 2018-19ના આંકડાઓનું વિશ્લેષણ કર્યું છે. આ રિપોર્ટ શિક્ષકો, શિક્ષણ અને શિક્ષાના વિષય પર કેન્દ્રીત છે.
  - → ભારતભરમાં સરેરાશ 86% શાળાઓમાંથી 89% શહેરી શાળા અને 85% ગ્રામીણ શાળાઓ માર્ગથી સુલભ છે. પહાડી રાજ્યોમાં આ પ્રમાણ ઘટીને 59% થી 68% વચ્ચે રહી જાય છે.
  - → ઉત્તર પ્રદેશ, બિહાર અને મધ્ય પ્રદેશમાં સૌથી વધુ શિક્ષકની ખાલી જગ્યાઓ નોંધાઈ છે. ભારતમાં 60%થી વધુ ખાલી જગ્યાઓ ગ્રામીણ ક્ષેત્રોમાં છે, જેમાં ઉત્તર પ્રદેશ 80% સાથે યાદીમાં સૌથી ઉપર છે. લગભગ 7.7% પ્રી–પ્રાઈમરી, 4.6% પ્રાઈમરી અને 3.3% અપર પ્રાઈમરી સ્કૂલોમાં ઓછી યોગ્યતાવાળા શિક્ષકો છે.
  - → ભારતના 9.43 મિલિયન સ્કૂલ શિક્ષકોમાંથી અડધી મહિલાઓ છે. વિશેષરૂપે એવા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો જ્યાં 70% થી વધુ શિક્ષક મહિલાઓ છે. પ્રદર્શન ગ્રેડિંગ ઈન્ડેક્સ (PGI)માં ઉચ્ચ સ્થાન પર છે. તેમાં ચંદીગઢ (82%), દિલ્હી (74%), કેરળ (78%), પંજાબ (95%) અને તમિલનાડુ (75%), પુડુચેરી (78%) અને ગોવા (80%) સામેલ છે.
  - → 5 રાજ્યોમાં મહિલા શિક્ષકો (40% અથવા તેનાથી ઓછા)નું પ્રમાણ ઓછું છે : આસામ (39%), બિહાર (40%), ઝારખંડ (39%), રાજસ્થાન (39%) અને ત્રિપુરા (32%)
  - → પ્રાથમિક વિદ્યાલયો માટે ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (GER) 2001માં 81.6 થી વધીને 2018-19માં 93.03 થઈ ગયો અને 2019-2020 (નાણાકીય વર્ષ 20)માં 102.1 થઈ ગયો છે.
  - → ભારતભરમાં માત્ર 19% સ્કૂલોની ઈન્ટરનેટ સુધી પહોંચ છે. તે શહેરી ક્ષેત્રોમાં 42%ની સાપેક્ષમાં ગ્રામીણ ક્ષેત્રમાં માત્ર 14% છે. નાણાકીય વર્ષ 2020 માટે ભારતમાં 1.5 મિલિયન પ્રાથમિક અને માધ્યમિક વિદ્યાલયો (ધોરણ : 1 – 12)માં કુલ 9.7 મિલિયન શિક્ષક કાર્યરત્ હતા. ઓવરઓલ વિદ્યાર્થી–શિક્ષક રેશિયો (PTR) 2013-14માં 31 : 1 થી વધીને 2018-19માં 26 : 1 થઈ ગયો હતો.
- **સુપ્રીમ કોર્ટે તાજેતરમાં એક સીમાચિહ્નરૂપ ચુકાદામાં નોંધ્યું હતું કે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT)ને પર્યાવરણીય મુદ્દાઓની સુનાવણી માટે સુઓ મોટો સત્તા રહેલી છે અને તે આપમેળે પર્યાવરણીય મુદ્દાઓની સુનાવણી કરી શકે છે.**
  - → NGTને સ્વમેળે પર્યાવરણીય કેસોની સુનાવણી કરવાની સત્તા નથી, તેવું કેન્દ્ર સરકારે જણાવ્યા બાદ સુપ્રીમ કોર્ટે ઉકત મહત્વનો આદેશ જાહેર કર્યો હતો. કોર્ટે એવું પણ નોંધ્યું હતું કે, ચુકાદાનું કોઈ અન્ય અર્થઘટન જાહેર લાભથી વિરુદ્ધ જશે અને પર્યાવરણીય સંસ્થા (NGT) બિનઅસરકારક બનાવી દેશે. રાષ્ટ્ર અને તેના લોકોના કલ્યાણ માટે આ નિર્ણય ખૂબ જ મહત્વનો છે. તે ભવિષ્યના બાળકો અને તેના પછીના પેઢીઓ માટે એક બેહતર પર્યાવરણીય વિરાસતને પાછળ છોડી જવા માટે પર્યાવરણીય ક્ષતિ અને પરિણામી જળવાયુ પરિવર્તન સાથે સંબંધિત બધા જ મુદ્દાઓને હલ કરવા માટે સ્થિતિસ્થાપક તંત્ર લાવશે.
- **કેન્દ્રીય પંચાયત રાજ અને ગ્રામીણ વિકાસ મંત્રી ગિરિરાજસિંહે પીપલ્સ પ્લાન કેમ્પેઈન (PPC) 2021 - સબકી યોજના સબકા વિકાસ અને વાઈબ્રન્ટ ગ્રામસભા ડેશબોર્ડ લોન્ચ કર્યું છે.**
  - → તેઓએ નાણાકીય વર્ષ 2023ની યોજના તૈયાર કરવા અને ગ્રામોદય સંકલ્પ પત્રિકાના 10મા અંક માટે PPC 2021 અંગે પુસ્તિકાનું વિમોચન કર્યું હતું.

Banking Academy

→ આ અભિયાન મોડમાં (GPDP) ગ્રામ પંચાયત ડેવલપમેન્ટ પ્રોજેક્ટની તૈયાર સુનિશ્ચિત કરવાની રણનીતિ છે. PPC 2021ની બેઠકો 2 ઓક્ટોબર, 2021 થી 31 જાન્યુઆરી, 2022 સુધી યોજવામાં આવશે.

→ આ બેઠકોમાં કૃષિ, લઘુ સિંચાઈ, પશુપાલન, મત્સ્ય પાલન, સામાજિક વનીકરણ વગેરે સહિત 29 ક્ષેત્રોમાં ફ્રન્ટલાઈન કાર્યકર્તાઓ/સુપરવાઈઝરો દ્વારા ભૌતિક ઉપસ્થિતિ અને પ્રસ્તુતિ સામેલ છે.

→ GPDPનો ઉદ્દેશ DAY-NRLM (દીનદયાળ અંત્યોદય યોજના–રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન) બિનઅસરકારક ગ્રામસભા અંતર્ગત પંચાયતો અને સ્વ–સહાય જૂથ (SHG) મહિલાઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓની ભૂમિકાને મજબૂત કરવાનો છે.

❖ **કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી ડો. ભારતી પ્રવીણ પવારે તાજેતરમાં દિલ્હીની ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક ગ્રોથ ખાતે ડિજિટલ પોપ્યુલેશન કલોકનું ઉદ્‌ઘાટન કર્યું હતું.**

→ ડિજિટલ પોપ્યુલેશન કલોક પ્રત્યેક માટે લાભદાયી પુરવાર થશે કેમકે તે દેશની વસતીની પારસ્પરિક અને ઝડપી ઝાંખી પ્રદાન કરશે. પોપ્યુલેશન કલોક ભારતની વસતીનો એક એક મિનિટનો અંદાજ પૂરો પાડશે. તે બાળ મૃત્યુદર, કુલ પ્રજનન દર અને માતૃ મૃત્યુદર સંબંધી માહિતી એકત્ર કરવામાં પણ સહાયક બનશે.

❖ **તાજેતરમાં ભારત સરકારે અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), અન્ય પછાત વર્ગ (OBC), લઘુમતી અને મહિલાઓ માટે વિવિધ યોજનાઓની અમલીકરણમાં સુધારાઓ માટે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહની અધ્યક્ષતામાં મંત્રીઓના એક સમૂહ (GoM)નું ગઠન કર્યું છે.**

→ GoMના સભ્યો : અમિત શાહ, નિર્મલા સીતારામન, ધર્મેન્દ્ર પ્રધાન, અશ્વિની વૈષ્ણવ, મુખ્તાર અબ્બાસ નકવી, અર્જુન મુંડા, કિરણ રિજિજુ, વિરેન્દ્ર કુમાર.

❖ **તાજેતરમાં નીતિ આયોગના ઉપાધ્યક્ષ ડો. રાજીવકુમાર, CEO અમિતાભ કાન્ત અને વિશેષ સચિવ ડો. કે. રાજેશ્વર રાવ દ્વારા એક રિપોર્ટ 'ભારતમાં શહેરી નિયોજન ક્ષમતામાં સુધારા' જાહેર કર્યો હતો.**

→ આ રિપોર્ટ NITI આયોગ દ્વારા 9 મહિનાના સમયગાળામાં સંબંધિત મંત્રાલયો અને શહેરી તથા ક્ષેત્રીય યોજનાના ક્ષેત્રમાં પ્રતિષ્ઠિત વિશેષજ્ઞોના પરામર્શ દ્વારા બનાવવામાં આવ્યો છે.

→ ભારત કુલ વૈશ્વિક વસતીની 11% વસતી ધરાવે છે અને 2027 સુધીમાં ચીનને પાછળ છોડીને વિશ્વનો સૌથી વધુ વસતી ધરાવતો દેશ બની જશે.

→ શહેરોમાં યોજના અને વ્યવસ્થાપનની સખત જરૂરિયાત છે, કારણ કે હાલનું શહેરી નિયોજન અને શાસન માળખું જટિલ છે. આ પરિદશ્યને દૂર કરવામાટે રિપોર્ટમાં નીચે મુજબની ભલામણો કરવામાં આવી છે.

⇒ દરેક શહેરને 2030 સુધીમાં 'દરેક માટે સ્વસ્થ શહેર' બનાવવાની આકાંક્ષા રાખવી જોઈએ. આ સંબંધમાં 5 વર્ષના સમયગાળા માટે કેન્દ્રીય યોજના '500 સ્વસ્થ શહેર કાર્યક્રમ'ની ભલામણો કરવામાં આવી છે, જેમાં રાજ્યો અને સ્થાનિક સંસ્થાઓ દ્વારા સંયુકતપણે પ્રાથમિકતાવાળા શહેરો અને નગરોની પસંદગી કરવામાં આવશે.

⇒ રિપોર્ટ 'સ્વસ્થ શહેર કાર્યક્રમ' અંતર્ગત વિકાસ નિયંત્રણ નિયમોને મજબૂત કરવા માટે એક ઉપયોજના 'વિકાસ નિયંત્રણ નિયમોની તૈયારી/પુનરાવર્તન'ની પણ ભલામણ કરી છે.

⇒ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને યોગ્ય ઉમેદવારો સુનિશ્ચિત કરીને ટાઉન પ્લાનરોની ખાલી જગ્યાઓ ભરવામાં ઝડપ લાવવી જોઈએ.

⇒ રિપોર્ટમાં ટાઉન પ્લાનિંગની પ્રક્રિયાને સરળ બનાવવા માટે 'નાગરિક પહોંચ અભિયાન'નું પણ સૂચન કરવામાં આવ્યું છે.

❖ **નીતિ આયોગના જિલ્લા હોસ્પિટલોના મૂલ્યાંકન અહેવાલ અનુસાર, ભારતમાં એક જિલ્લા હોસ્પિટલ પાસે દર એક લાખની વસતી દીઠ સરેરાશ 24 પથારીઓ ઉપલબ્ધ છે.**

→ 'જિલ્લા હોસ્પિટલોના પ્રદર્શનમાં સર્વોત્તમ અભ્યાસ' (બેસ્ટ પ્રેકિટસીસ ઈન ધ પરફોર્મન્સ ઓફ ડિસ્ટ્રિકટ હોસ્પિટલ્સ) શીર્ષકથી 30 સપ્ટેમ્બર, 2021ના જાહેર નીતિ આયોગના આ અહેવાલમાં વર્ષ 2018-19માં 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 707 હોસ્પિટલોનું મૂલ્યાંકન કરાયું હતું.

→ અભ્યાસ અનુસાર બિહાર દર એક લાખની વસતીએ જિલ્લા હોસ્પિટલોમાં સૌથી ઓછી પથારીઓ (માત્ર 6) ધરાવે છે. જ્યારે પુડુચેરીમાં સૌથી વધુ 222 પથારીઓ પ્રતિ 1 લાખની વસતીએ પ્રાપ્ત છે.

→ ભારતમાં જિલ્લા હોસ્પિટલોમાં દર 1 લાખની વસતી દીઠ સરેરાશ 1 થી 408 પથારીઓ ઉપલબ્ધ છે. 217 જિલ્લા હોસ્પિટલોમાં, દર એક લાખની વસતી દીઠ ઓછામાં ઓછી 22 પથારીઓ ઉપલબ્ધ છે.

→ 15 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં, એક જિલ્લા હોસ્પિટલમાં પથારીઓની સરેરાશ સંખ્યા IPHS 2012ની માર્ગદર્શિકામાં કરાયેલી ભલામણથી પણ ઓછી છે. આ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં બિહાર, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, તેલંગાણા, હરિયાણા, મહારાષ્ટ્ર, આસામ, જમ્મુ – કાશ્મીર, આંધ્રપ્રદેશ, ગુજરાત, પંજાબ, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, છત્તીસગઢ અને મધ્યપ્રદેશનો સમાવેશ થાય છે.

→ ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ્સ (IPHS), 2012ની માર્ગદર્શિકા અનુસાર, જિલ્લા હોસ્પિટલોમાં પ્રતિ એક લાખની વસતીએ ઓછામાં ઓછી 22 પથારીઓ ઉપલબ્ધ હોવી જોઈએ. આ આંકડો 2001ની વસતી ગણતરીની જિલ્લા વસતી સરેરાશ પર આધારિત છે. WHO પ્રત્યેક 1000 લોકો દીઠ હોસ્પિટલમાં 5 પથારીઓની ભલામણ કરે છે. નીતિ આયોગે આ પ્રદર્શન મૂલ્યાંકન અહેવાલ તૈયાર કરવા જિલ્લા હોસ્પિટલોને નાની (200 પથારીઓ સુધીની), મધ્યમ (201 થી 300 પથારીઓ સુધીની) અને મોટી હોસ્પિટલો (300 પથારીઓથી વધુ)માં વર્ગીકૃત કરી હતી. કુલ હોસ્પિટલોમાંથી 62% નાની હોસ્પિટલો હતી.

- **સેવ ધ ચિલ્ડ્રન ઈન્ટરનેશનલ દ્વારા 'ઈન્ટરનેશનલ ડે ઓફ ધ ગર્લ ચાઈલ્ડ' (11 ઓક્ટોબર)ના રોજ જાહેર રિપોર્ટ 'ગ્લોબલ ગર્લહુડ રિપોર્ટ 2021 : ગર્લ્સ રાઈટ્સ ઈન ક્રાઈસિસ' અનુસાર, વૈશ્વિક સ્તરે બાળ વિવાહમાં એક દિવસમાં 60થી વધુ છોકરીઓના મૃત્યુ થાય છે, જેમાંથી 6ના મૃત્યુ માટે દક્ષિણ એશિયા જવાબદાર છે.**
  - → રિપોર્ટનું અનુમાન છે કે, દર વર્ષે 22,000 છોકરીઓના મૃત્યુ બાળવિવાહના કારણે થાય છે, જેમાં ગર્ભાવસ્થા અને પ્રસૂતિ દરમિયાન મૃત્યુ મુખ્ય કારણ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, 1978માં ભારત સરકારે બાળ વિવાહ પ્રતિબંધ અધિનિયમ, 1929માં સુધારો કર્યો હતો અને લગ્ન માટેની કાયદાકીય વય છોકરીઓ માટે 18 વર્ષ અને છોકરાઓ માટે 21 વર્ષ કરી નાખી હતી.
- **15 ઓક્ટોબર, 1932ના મહાન ઉદ્યોગપતિ અને વિમાનચાલક જે.આર.ડી.તાતાએ કરાચીથી મુંબઈની સૌપ્રથમ ઉડાન ભરી હતી.**
  - → આ ઐતિહાસિક ઘટનાના 89 વર્ષ બાદ પોતાના સિંગલ એન્જિનના વિમાનમાં એટલાન્ટિક અને પ્રશાંત મહાસાગર એકલપંડે પાર કરનારા બોરીવલી સ્થિત મહિલા પાઈલટ આરોહી પંડિતે કરાચીથી સૌથી નજીકના હવાઈ ક્ષેત્ર ભુજથી 15 ઓક્ટોબર, 2021ના ઉડાન ભરી હતી. 89 વર્ષ પૂર્વે 15 ઓક્ટોબર, 1932માં ભારતમાં પ્રથમ કરાચીથી જુહુ (મુંબઈ)ની પબ્લિક એર સર્વિસની શરૂઆત કરનારા JRD તાતાને અનોખી શ્રદ્ધાંજલિ આપવા 25 વર્ષીય આરોહીએ તેના સાઈન્સ 912 પિપિસ્ટ્રોલ વિમાનમાં ગુજરાતના ભુજથી જુહુની ઉડાન ભરી હતી. આરોહીએ તેની આ ફ્લાઈટ દરમિયાન 1971ના ભારત–પાક યુદ્ધમાં નાશ પામેલી હવાઈપટ્ટીનું માત્ર 75 કલાકમાં પુનર્નિર્માણ કરનારી કચ્છના માધાપર ગામની મહિલાઓને પણ અંજલિ આપી હતી.

## આંતરરાજ્ય

- **ભારત સરકારે મણિપુરના સ્વાતંત્ર્ય સેનાનીઓને અંજલિરૂપે આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહમાં સ્થિત એક દ્વીપ શિખર માઉન્ટ હેરિયટનું પુનઃ નામકરણ માઉન્ટ મણિપુર કરવાનો નિર્ણય કર્યો છે.**
  - → આ સાથે ભારત સરકારે એવી પણ જાહેરાત કરી હતી કે તે આંદામાન અને નિકોબાર ટાપુઓમાં માઉન્ટ મણિપુર ખાતે સ્મારક સ્થળનું નિર્માણ કરવામાં મણિપુરની રાજ્ય સરકારને સહાય પણ કરશે. માઉન્ટ હેરિયટ આંદામાન ને નિકોબાર દ્વીપ સમૂહમાં ત્રીજું સૌથી ઊંચું દ્વીપ શિખર છે.
  - → માઉન્ટ હેરિયટનું નામ બદલીને માઉન્ટ મણિપુર કરવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય ખૂબ જ મહત્વપૂર્ણ અને સૂચક છે કેમકે 1891માં એંગ્લો–મણિપુરી યુદ્ધ દરમિયાન મણિપુરના મહારાજા કુલચંદ્રસિંહ અને 22 અન્ય સ્વાતંત્ર્ય સેનાનીઓને અહીંયા જ કેદ કરાયા હતા.
  - → અમિત શાહે આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહમાં નેતાજી સુભાષચંદ્ર બોઝ ટાપુ પરથી 299 કરોડ રૂપિયાના 14 વિકાસ પ્રોજેક્ટોનું ઉદ્‌ઘાટન કર્યું હતું અને 643 કરોડ રૂપિયાની 12 પરિયોજનાઓનો શિલાન્યાસ કર્યો હતો.
- **તાજેતરમાં હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જયરામ ઠાકુરે આપેલી માહિતી અનુસાર, હિમાચલ પ્રદેશનો કિન્નૌર જિલ્લો 18 વર્ષથી વધુ ઉંમરના તમામ લોકોને રસીકરણ કરનારો દેશનો પ્રથમ જિલ્લો બની ગયો છે.**
- **નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA)એ ગુરુ ઘાસીદાસ નેશનલ પાર્ક (રાષ્ટ્રીય ઉદ્યાન) અને તમોર પિંગલા વન્યજીવ અભયારણ્યના સંયુક્ત વિસ્તારોને ટાઈગર રિઝર્વ જાહેર કરવા માટેની છત્તીસગઢ સરકારની દરખાસ્તને મંજૂરી આપી છે.**
  - → NTCA પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય અંતર્ગત એક વૈધાનિક સંસ્થા છે, જેની સ્થાપના 2005માં વાઘ સંરક્ષણને મજબૂતી બક્ષવા માટે કરાઈ છે. છત્તીસગઢમાં નવો ટાઈગર રિઝર્વ ઝારખંડ અને મધ્ય પ્રદેશની સરહદે રાજ્યના ઉત્તરીય ભાગમાં સ્થિત છે. તેને વન્યજીવ (સંરક્ષણ) કાનૂન, 1972ની કલમ 38V(1) અંતર્ગત મંજૂરી અપાઈ છે. અચનકમાર, ઉદંતી–સીતાનદી તથા ઈન્દ્રાવતી બાદ આ છત્તીસગઢમાં ચોથો ટાઈગર રિઝર્વ હશે.
- **નાગાલેન્ડનો સૌપ્રથમ અને ભારતનો 61મો સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક ઓફ ઈન્ડિયા (STPI) કોહિમામાં ખુલ્લો મુકાયો છે.**
  - → તેનું ઉદ્‌ઘાટન કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને ઉદ્યમશીલતા, ઈલેક્ટ્રોનિકસ અને માહિતી ટેકનોલોજી રાજ્યમંત્રી રાજીવ ચંદ્રશેખરે કર્યું હતું. નાગાલેન્ડના મુખ્યમંત્રી નેફિયુ રિયોના અગ્ર સચિવ કે.ડી.વાઈઝોએ માહિતી આપી હતી કે વર્ષ 2015માં STPIના વડાએ e-નાગા સમિટ દરમિયાન નાગાલેન્ડની રાજધાની કોહિમામાં સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક ઓફ ઈન્ડિયાની સ્થાપના માટે MoU પર હસ્તાક્ષર કર્યા હતા.
- **તમિલનાડુના પાટનગર ચેન્નાઈની સતત શહેરી સેવાઓના સમર્થન અને ચેન્નાઈને વિશ્વસ્તરીય શહેરી બનાવવા વર્લ્ડ બેંકે 150 મિલિયન ડોલર મંજૂર કર્યા છે.**
  - → જેથી ચેન્નાઈને હરિયાળું, રહેવા યોગ્ય અને જળવાયુ પરિવર્તન અંગે વધુ સંવેદનશીલ બનાવવામાં મદદ મળશે. ચેન્નાઈને આ રકમ ચેન્નાઈ સિટી પાર્ટનરશિપ સસ્ટેનેબલ અર્બન સર્વિસીઝ પ્રોગ્રામ હેઠળ પૂરી પડાશે. આ પ્રોગ્રામથી ચેન્નાઈને પાણીની આપૂર્તિ અને સીવેજ, ગતિશીલતા, આરોગ્ય, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં મદદ મળશે. ચેન્નાઈ ભારતનું ચોથું સૌથી વધુ વસતી ધરાવતું એટલે 10.9 મિલિયન લોકોના વસવાટનું ક્ષેત્ર હોવાથી તેની પસંદગી કરાઈ છે.
  - → વર્લ્ડ બેંકે ચેન્નાઈ ઉપરાંત મેઘાલય રાજ્યમાં આરોગ્ય સેવાઓની ગુણવત્તામાં સુધાર લાવવા 40 મિલિયનની અન્ય યોજનાને પણ મંજૂરી આપી છે.
- **દિલ્હી સરકારે રોજગાર બાઝાર 2.0 પોર્ટલ લોન્ચ કરવાની તૈયારી કરી લીધી છે.**
  - → ભારતમાં એન્ટ્રી–લેવલ જોબ્સ (પ્રારંભિક સ્તરની નોકરીઓ) માટે રોજગાર બાઝાર 2.0 પોર્ટલ એક ડિજિટલ જોબ મેચિંગ પ્લેટફોર્મ છે. રાજ્ય સરકારે પોર્ટલના વિકાસ માટે 14 ઓક્ટોબર, 2021ના ટેન્ડરો બહાર પાડ્યા છે. દિલ્હી સરકારે 2020માં રોજગાર બાઝાર 1.0 લોન્ચ કર્યું હતું. જેણે દિલ્હીમાં નોકરીઓ શોધી રહેલા યુવાનો અને કુશળ કામદારો શોધતા નાના વ્યવસાયો માટેના એક ઉપયોગી પ્લેટફોર્મ તરીકે સેવા આપી હતી.

## ગુજરાત

- **પ્રાણી સંગ્રહાલયના ડાયરેક્ટર્સ અને પશુ ચિકિત્સકો માટે બે દિવસીય રાષ્ટ્રીય સંમેલન 2021નું આયોજન સરદાર પટેલ ઝૂલોજિકલ પાર્ક કેવડિયા, ગુજરાતમાં કરવામાં આવ્યું હતું.**
  - → આ સંમેલનનું આયોજન સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી (CZA) દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે ભાગ લીધો હતો. આ સંમેલનના સમાપનમાં ઈન્ફોસિસના ચેરપર્સન સુધા મૂર્તિનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

→ ગુજરાત સરકારના વન અને પર્યાવરણ મંત્રી કિરીટસિંહ રાણા અને કેન્દ્રીય મંત્રીએ CZAના નીચેના 3 મહત્વપૂર્ણ પ્રકાશનો જાહેર કર્યા હતા :

(1) ભારતીય પ્રાણી સંગ્રહાલયો માટે વિઝન યોજના : આ યોજના ભારતના પ્રાણી સંગ્રહાલયોને વૈશ્વિક ધારાધોરણો અને CZAના સુદ્રઢિકરણને અનુરૂપ બનાવશે.

(2) પ્રાણી સંગ્રહાલયો માટે Water, Sanitation and Hygiene (WASH) મેન્યુઅલ : UNICEFના સહયોગથી CZAના કર્મચારીઓ અને આંગતુકો માટે પરિસરમાં WASHની સુવિધા બનાવવા અને જાળવણી કરવા માટે પ્રાણી સંગ્રહાલયોને માર્ગદર્શન પ્રદાન કરવા માટે માર્ગદર્શિકા વિકસિત કરી છે.

(3) આઝાદીનો અમૃત મહોત્સવ – એક સંકલન (ખંડ 1) : દેશભરના પ્રાણી સંગ્રહાલયોના સમર્થનમાં CZA આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યું છે. ઉત્સવનો વિષય 75 સંગ્રહાલયોમાં 75 પ્રજાતિઓનું પ્રદર્શન કરવું છે.

→ ગણમાન્ય વ્યકિતઓએ CZA દ્વારા ગઠિત વાર્ષિક પ્રાણી મિત્ર પુરસ્કાર પણ પ્રદાન કર્યા જે 4 શ્રેણીઓ પ્રાણીસંગ્રહાલયના નિર્દેશક/કયુરેટર, જીવિજ્ઞાની/શિક્ષાવિદો, પશુ ચિકિત્સકો અને પશુરક્ષક/પ્રાણી સંગ્રહાલયોની અગ્રિમ પંકિત દ્વારા ઉત્કૃત યોગદાન અંતર્ગત આપવામાં આવે છે.

❖ **GTU ડિસેમ્બર 2021થી ઘોડેસવારીનો સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવાની જાહેરાત કરી છે.**

→ એક મહિનાના કોર્સની ફી રૂ. 7000 જ્યારે ત્રણ મહિનાના કોર્સની ફી રૂ. 20,000 રહેશે. આ પ્રકારનો કોર્સ શરૂ કરનારી GTU દેશની પ્રથમ ટેકનોલોજિકલ યુનિવર્સિટી બનશે. 'અપના પ્રદેશ, અપના ખેલ' હેઠળ લુપ્ત થતી આ કળાને જાળવવા માટે આ કોર્સ શરૂ કરાશે.

❖ **23 ઓકટોબર, 2021ના ગુજરાતના ગીર સોમનાથ જિલ્લામાં એક ખેડૂતના ઘરે ભેંસની બન્ની ઓલાદના ભારતના સૌપ્રથમ IVF (ઈન–વિટ્રો ફર્ટિલાઈઝેશન) વાછરડાનો જન્મ થયો છે.**

→ ભેંસની બન્ની જાત મુખ્યત્વે ગુજરાતના કચ્છ જિલ્લામાં મળી આવે છે. દૂધનું ઉત્પાદન વધારવા માટે આનુવંશિક રીતે ચઢિયાતી ભેંસોની વસતી વધારવાના પ્રયાસમાં IVF પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ગીર સોમનાથના ધણેજ ગામના ડેરી ખેડૂતની બન્ની ભેંસે IVF મારફત નર વાછરડાને જન્મ આપ્યો હતો.

❖ **ગુજરાત પોલીસને ઓવરસ્પીડને કારણે સર્જાતા અકસ્માતોને અટકાવવા માટેના ઈન્ટરસેપ્ટર 48 વાહનો અને મુખ્ય ધોરીમાર્ગો પર પેટ્રોલિંગ કરી અકસ્માત સમયે ફર્સ્ટ રિસ્પોન્સ વેહિકલ તથા રેસ્કયૂ વેહિકલ એવા 42 હાઈવે પેટ્રોલ વાહન આપવામાં આવ્યા છે.**

→ આ વાહનોને 26 ઓકટોબર, 2021ના પાટનગર ગાંધીનગર ખાતેથી ગૃહ મંત્રી સંઘવીના હસ્તે લીલીઝંડી આપવામાં આવી.

❖ **ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તાજેતરમાં રાજ્યની ITIના વિવિધ ટ્રેડના સુપરવાઈઝર્સ–ઈન્સ્ટ્રકચર્સને નિમણૂક પત્રો એનાયત કરી શ્રમયોગીઓ માટે ઈલેકિટ્રક દ્વિચક્રી વાહન ખરીદી માટેની 'ગો ગ્રીન યોજના' લોન્ચ કરી હતી.**

→ રાજયના સંગઠિત અને બાંધકામ ક્ષેત્રના શ્રમયોગી – શ્રમિકોને યાતાયાત માટે ટુ–વ્હીલર ઈ–વેહિકલની ગો ગ્રીન યોજનાનું લોન્ચિંગ કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ સંગઠિત ક્ષેત્રના કામદારોને વાહનની કિંમતના 30% અથવા રૂ. 30 હજારની મર્યાદામાં સબસિડી ચૂકવવામાં આવશે. જ્યારે બાંધકામ ક્ષેત્રના કામદારોને વાહનની કિંમતના 50% અથવા રૂ. 30 હજારની મર્યાદામાં સબસિડી આપવાની જોગવાઈ ગો ગ્રીન યોજનામાં કરવામાં આવી છે. આ ઉપરાંત આ યોજના તળે વાહનના RTO રજિસ્ટ્રેશન ટેકસ તથા રોડ ટેકસ ઉપર વન–ટાઈમ સબસિડી પણ આપવામાં આવશે. ગો ગ્રીન યોજનાના અસરકારક અમલીકરણ માટે રાજયના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા મોબાઈલ એપ્લિકેશન અને અત્યાધુનિક પોર્ટલ www.gogreenglwb.gujarat.gov.in પણ શરૂ કરવામાં આવ્યું છે.

❖ **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિવિધ ક્ષેત્રે સફળતાના શિખરો સર કરનારી રાજયની 18 સન્નારીઓને ગાંધીનગર સ્થિત પોતાના નિવાસસ્થાને આમંત્રિત કરીને નારાયણી નમોસ્તુતે કાર્યક્રમમાં તેઓનું અભિવાદન કર્યું હતું.**

→ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિ 'નારી તુ નારાયણી'માં માને છે. નારી એ શકિતનું સ્વરૂપ અને પ્રતીક પણ છે. મુખ્યમંત્રીએ 'નારાયણી નમોસ્તુતે' અન્વયે જે 18 બહેનોનું સન્માન કર્યું તેમા ટોકયો પેરાલિમ્પિકસમાં ટેબલટેનિસમાં સિલ્વર મેડલ વિજેતા ભાવિના પટેલ, ગુજરાતના પ્રથમ અને દેશના ચોથા મહિલા સ્કાય ડાઈવર શ્વેતા પરમાર, માત્ર 19 વર્ષની વયે કોમર્શિયલ પાઈલટ બનનાર મૈત્રી પટેલ, કચ્છના મહિલા ઉદ્યમી પાબીબેન રબારી, સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે રેડિયો જોકી ડો.નીલમ તડવી વગેરેનો સમાવેશ થયો હતો.

❖ **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 20 ઓકટોબર, 2021 થી આદિવાસી વિસ્તાર છોટા ઉદેપુર જિલ્લાના આલ્હાદપુરાના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરેથી નાના ભુલકાઓ–બાળકોને ન્યૂમોનિયા અને મગજના તાવ સામે સુરક્ષા કવચ પૂરું પાડતી ન્યૂમોકોકલ કોન્જુગેટ વેકિસન (PCV)ના રસીકરણનો રાજયવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.**

→ ભારત સરકાર દ્વારા સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત રાજયની તમામ સરકારી હોસ્પિટલો, આરોગ્ય કેન્દ્રો, પેટા આરોગ્ય કેન્દ્રો અને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પરથી આ રસી દોઢ વર્ષ સુધીના બાળકોને વિનામૂલ્યે અપાશે. રાજયમાં એક વર્ષમાં અંદાજે 12 લાખ જેટલા બાળકોને 3 ડોઝ મળીને કુલ 36 લાખ PVC ડોઝ આપવામાં આવશે. ન્યૂમોકોકલ ન્યૂમોનિયા એ શ્વાસોશ્વાસને લગતો રોગ છે જે ફેફસાંમાં બળતરા અને પ્રવાહીનો સંચય કરે છે.

## આંતરરાષ્ટ્રીય

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 28 ઓકટોબર, 2021ના બ્રુનેઈના સુલ્તાનના આમંત્રણથી 18મા આસિયાન–ભારત શિખર સંમેલનને આભાસી રીતે સંબોધ્યું હતું.**

→ આ શિખર સંમેલનમાં આસિયાન દેશોના વડાઓએ પણ હાજરી આપી હતી. 18મા આસિયાન–ભારત શિખર સંમેલન ખાતે PM મોદીએ આસિયાન–ભારત વ્યૂહાત્મક ભાગીદારીની સ્થિતિની સમીક્ષા કરી હતી અને COVID-19 મહામારી, શિક્ષણ અને સંસ્કૃતિ તથા વ્યાપાર વાણિજ્ય અંગે ચર્ચા કરી હતી.

→ સૌપ્રથમ ભારત–આસિયાન શિખર મંત્રણા નવેમ્બર 2002માં કમ્બોડિયાના નોમપેન્હમાં યોજાઈ હતી.

→ વડાપ્રધાન નરેન્દ્ર મોદી 27 ઓકટોબર, 2021ના 16મા પૂર્વ એશિયા શિખર સંમેલનમાં પણ વીડિયો કોન્ફરન્સિંગ મારફત ઉપસ્થિત રહ્યા હતા. તેમણે એક મુકત, ખુલ્લા અને સમાવેશી ભારત–પ્રશાંત અને ક્ષેત્રમાં આસિયાન કેન્દ્રીયતાનો સિદ્ધાંત ભારતના ધ્યાનમાં હોવાનું પુનઃ સમર્થન કર્યું હતું. ઈસ્ટ એશિયા શિખર સંમેલન ભારત–પ્રશાંત ક્ષેત્રમાં અગ્રણી નેતાઓના નેતૃત્વ હેઠળનું 16 દેશોનું ફોરમ છે. ઈસ્ટ એશિયા સમિટમાં ભારત, જાપાન, ચીન, ઓસ્ટ્રેલિયા,



Banking Academy

અમેરિકા, ન્યૂઝીલેન્ડ, રશિયા અને રિપબ્લિક ઓફ કોરિયા તથા 10 આસિયાન સભ્ય દેશોનો સમાવેશ થાય છે. ભારત ઈસ્ટ એશિયા સમિટનું સ્થાપક સભ્ય છે. 10 આસિયાન દેશો : બ્રુનેઈ, ઈન્ડોનેશિયા, કમ્બોડિયા, મલેશિયા, લાઓસ, વિયેતનામ, થાઈલેન્ડ, મ્યાનમાર, ફિલિપાઈન્સ અને સિંગાપુર.

❖ **ભારતને ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)ના પૂર્ણ સમયના સભ્ય બનવા તેના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ફતિહ બિરોલે આંમત્રણ પાઠવ્યું છે, તેવું કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતો તથા પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રી હરદીપસિંહ પુરીએ જણાવ્યું હતું.**

→ તેમણે જણાવ્યું હતું કે, ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો ઊર્જા વપરાશકાર દેશ હોવાની બાબતને ધ્યાને લઈ તેને પૂર્ણકાળનું સભ્યપદ સ્વીકારવા નિમંત્રિત કરાયું છે. જો ભારત આ દરખાસ્ત સ્વીકારે તો, તેણે તેનો વ્યૂહાત્મક તેલ અનામત જથ્થો 90 દિવસનો કરવાની જરૂર પડશે.

→ ભારત માર્ચ 2017માં IEAના એસોસિયેટ સભ્ય તરીકે જોડાયું હતું. IEA પેરિસ સ્થિત સંસ્થા છે, જેની સ્થાપના 1974માં ઔદ્યોગિક દેશોએ 1973ની તેલ કટોકટી મધ્યે તેલના પુરવઠાની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કરી છે. IEAની સ્થાપના ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો–ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (OECD)ના માળખા પર કરાઈ છે.

→ IEAમાં 30 સભ્ય દેશો અને આઠ એસોસિયેટ દેશો છે. તેના સ્થાપક દેશોમાં અમેરિકા, યુનાઈટેડ કિંગ્ડમ, કેનેડા, જર્મની, ઓસ્ટ્રિયા, બેલ્જિયમ, ડેન્માર્ક, ઈટાલી, જાપાન, આયર્લેન્ડ, નેધરલેન્ડ, તુર્કી, સ્વીડન, સ્પેન, સ્વિત્ઝર્લેન્ડ, લકઝમબર્ગ અને નોર્વેનો સમાવેશ થાય છે. તેના અન્ય સદસ્યો ગ્રીસ, ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, પોર્ટુગલ, ફિનલેન્ડ, ફ્રાન્સ, હંગેરી, ચેક રિપબ્લિક, રિપબ્લિક ઓફ કોરિયા, સ્લોવાક રિપબ્લિક, પોલેન્ડ, ઈસ્ટોનિયા અને મેક્સિકો છે. IEAના આઠ એસોસિયેટ સદસ્યો : ભારત, બ્રાઝિલ, ચીન, સિંગાપુર, સાઉથ આફ્રિકા, ઈન્ડોનેશિયા, મોરોક્કો અને થાઈલેન્ડ.

❖ **આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન (ISA)ની ચોથી સામાન્ય સભા 18 થી 21 ઓક્ટોબર, 2021 દરમિયાન આભાસી રીતે યોજાઈ હતી.**

→ જેની અધ્યક્ષતા કેન્દ્રીય ઊર્જા, નવી તથા પુનઃ પ્રાપ્ય ઊર્જા મંત્રી આર.કે.સિંહ અને ISA સભાના પ્રમુખે કરી હતી. 34 નિરીક્ષક અને સંભવિત સભ્ય દેશો અને 74 સભ્ય દેશો સહિત ISA સામાન્ય સભામાં 108 દેશોએ ભાગ લીધો હતો.

→ બેઠક દરમિયાન દેશોએ ચર્ચા કરી હતી કે MSME ક્લસ્ટર્સ ડીઝલ જનરેટર સેટને હાઈડ્રોજન સાથે કેવી રીતે બદલી શકે . સામાન્ય સભાનો મુખ્ય એજન્ડા ભારતની OSOWOG પહેલ હતી.

→ OSOWOG અર્થાત વન સન, વન વર્લ્ડ, વન ગ્રિડ 'ધ સન નેવર સેટ્સ' (સૂર્ય કયારેય અસ્ત થતો નથી) વિઝન સાથે વૈશ્વિક પુનઃ પ્રાપ્ય ઊર્જા પ્રણાલીઓનું આંતરજોડાણ કરવાની ભારતની પહેલ છે. ઓકટોબર 2018માં ISA ની પ્રથમ સામાન્ય સભા દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પહેલનો ઉલ્લેખ કર્યો હતો. OSOWOGનો ઉદ્દેશ વિભિન્ન દેશોના સમય ક્ષેત્રો, ઋતુઓ, મૂલ્ય નિર્ધારણ અને સંસાધનો વચ્ચેના તફાવતનો લાભ ઉઠાવી સરહદોની પાર સૌરઊર્જાની વહેંચણી કરવા આંતરક્ષેત્રીય ઊર્જા ગ્રિડ્સનું નિર્માણ અને વિસ્તાર કરવાનો છે. આ પહેલ ઊર્જા ઉત્પાદનને ડિકાર્બનાઈઝિંગમાં મદદ કરશે.

→ સામાન્ય સભા દરમિયાન, દેશોએ બે નવા કાર્યક્રમો – મેનેજમેન્ટ ઓફ સોલર PV પેનલ્સ & બેટરી યુસેઝ વેસ્ટ એન્ડ સોલર હાઈડ્રોજન પ્રોગ્રામ લોન્ચ કર્યા હતા.

→ ISAએ તેના સભ્ય દેશોમાં સૌરઊર્જા માટે 1 ટ્રિલિયન ડોલરનું વૈશ્વિક મૂડીરોકાણ એકત્ર કરવા બ્લૂમબર્ગ ફિલાન્થ્રોપીસ સાથે ભાગીદારીની પણ ઘોષણા કરી હતી. બન્ને સંગઠનો સોલાર ઈન્વેસ્ટમેન્ટ એકશન એજન્ડા તેમજ સોલર ઈન્વેસ્ટમેન્ટ રોડમેપના વિકાસ માટે વર્લ્ડ રિસોર્સીસ ઈન્સ્ટિટયૂટ (WRI) સાથે કામ કરશે.

❖ **તાજેતરમાં સંયુકત રાષ્ટ્ર જૈવવિવિધતા શિખર સંમેલન ચીનમાં યોજાયું હતું.**

→ સંયુકત રાષ્ટ્ર (UN)ના ચાવીરૂપ શિખર સંમેલનને જૈવવિવિધતાનું રક્ષણ કરવાની જવાબદારી સોંપાઈ છે. ઓનલાઈન સત્રએ આમને–સામને બેઠક માટેનું મંચ તૈયાર કરી દીધું છે અને તેમાં જૈવવિવિધતા અંગેના કન્વેન્શન (CBD)ના પક્ષકારો સામેલ થયા છે, જે નવા દસ્તાવેજના વિવરણ સાથે કામ કરી રહ્યા છે. આ નવો દસ્તાવેજ વર્ષ 2030 સુધીમાં પારિસ્થિતિકી તંત્રના રક્ષણનો લક્ષ્યાંક નિર્ધારિત કરશે.

→ શિખર સંમેલન દરમિયાન, દેશોએ 30% જમીનો અને મહાસાગરોને રક્ષિતનો દરજ્જો આપવા પ્લાનની ચર્ચાવિચારણા પણ કરી હતી. આ પગલાંને દેશોના એક વ્યાપક ગઠબંધન દ્વારા સમર્થન પ્રાપ્ત છે. દેશો પ્લાસ્ટિક કચરાની ઉત્પત્તિ રોકવાનો ધ્યેય પણ નિર્ધારિત કરશે. અલબત્ત, ચીને આ પ્લાન માટે કોઈ પ્રતિબદ્ધતા દર્શાવી નથી.

→ આ સંમેલન દરમિયાન જૈવવિવિધતા અંગેનો મહત્વનો કુનમિંગ ઘોષણાપત્ર અપનાવ્યો. જેની થીમ : 'ઈકોલોજિકલ સિવિલાઈઝેશન : બિલ્ડિંગ એ શેર્ડ ફ્યુચર ફોર ઓલ લાઈફ ઓન અર્થ.'

→ તાજેતરમાં કુનમિંગ ઘોષણાપાત્રને ચીનમાં 100થી અધિક દેશો દ્વારા જૈવવિવિધતા અંગેના સંયુકત રાષ્ટ્ર સંમેલનના પક્ષકારોના સંમેલનની 15મી બેઠકમાં અપનાવાયો હતો. આ ઘોષણાપત્રને અપનાવવાથી એક નવી વૈશ્વિક જૈવવિવિધતા સમજૂતી માટેનો આધાર નિર્માણ પામશે.

❖ **ભારત સત્તાવાર રીતે નવી દિલ્હીમાં આયોજિત એક સમારોહ દરમિયાન પ્રકૃતિ અને લોકો માટે ઉચ્ચ મહત્વાકાંક્ષા ગઠબંધન (High Ambition Coalition) માં સામેલ થઈ ગયું છે.**

→ આ સંબંધમાં ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના સચિવ રામેશ્વર પ્રસાદ ગુપ્તાએ ભારતમાં ફ્રાન્સના રાજદૂત ઈમેન્યુએલ લેનિનને હસ્તાક્ષરિત HAC સમજૂતી સોંપી છે. ભારત HACમાં સામેલ થનારી મુખ્ય ઉભરતી અર્થવ્યવસ્થાના BRICS બ્લોક માંથી પહેલો દેશ છે. HAC કોસ્ટારિકા, ફ્રાન્સ અને યુનાઈટેડ કિંગ્ડમ દ્વારા મહાસાગર સહ–અધ્યક્ષ તરીકે સહ–અધ્યક્ષતાવાળા 70થી વધુ દેશોનો એક સમૂહ છે.

❖ **કેન્દ્રીય વિદેશ મંત્રી એસ.જયશંકર અને ઈઝરાયેલના વિદેશ મંત્રી યેર લેપિડ, UAEના વિદેશ મંત્રી શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નાહ્યાન અને અમેરિકી વિદેશ મંત્રી એન્ટની બ્લિન્કેન સાથેની એક ચતુષ્કોણીય બેઠક દરમિયાન 19 ઓકટોબર, 2021 ના સંયુકત આર્થિક સહયોગ મંચ (નવું કવાડ જૂથ) સ્થાપવા સંમતિ દર્શાવી હતી.**

❖ **ભારત પ્રચંડ બહુમતીથી વર્ષ 2022 થી વર્ષ 2024 માટે સંયુકત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદ (UNHRC)માં પુનઃ ચૂંટાયું છે.**

→ સંયુકત રાષ્ટ્રની સંસ્થામાં વિક્રમી છઠ્ઠા કાર્યકાળ માટે ભારતની પુનઃ વરણીને UNમાં નવી દિલ્હીના કાયમી પ્રતિનિધિ ટી.એસ. તિરુમૂર્તિએ બહુમતીવાદ, લોકશાહી અને બંધારણમાં નિશ્ચિત મૂળભૂત અધિકારોમાં ભારતના મજબૂત મૂળિયાંને સુદ્રઢ સમર્થન તરીકે વર્ણવ્યું હતું. UNHRCના 18 નવા સદસ્યો માટેની ચૂંટણી 14 ઓકટોબર, 2021ના UNGA દ્વારા કરાઈ હતી. આ નવા સદસ્યો જાન્યુઆરી 2022થી ત્રણ વર્ષના સમયગાળા માટે સેવા આપશે.

ભારતને 193 સભ્યોની UNGAમાં બહુમતી માટે જરૂરી 97 મત સામે 184 મત પ્રાપ્ત થતાં તે ભારે બહુમતી સાથે UNHRCમાં પુનઃ ચૂંટાઈ આવ્યું હતું. ભારત હાલમાં પણ UNHRCનું સદ્દસ્ય છે અને તેની વર્તમાન મુદત 31 ડિસેમ્બર, 2021ના પૂર્ણ થઈ રહી છે.

→ 193 સદ્દસ્યોની સંયુકત રાષ્ટ્ર મહાસભા (UNGA)એ ગુપ્ત મતદાનથી UNHRCમાં વર્ષ 2022 થી 2024ના કાર્યકાળ માટે બેનિન, આર્જેન્ટિના, કેમેરૂન, ફિનલેન્ડ, ઈરિટ્રીયા, ગામ્બિયા, ભારત, હોન્ડુરાસ, કઝાખસ્તાન, લકસમબર્ગ, લિથુઆનિયા, મલેશિયા, પારાગ્વે, મોન્ટેનિગ્રો, કતાર, UAE, સોમાલિયા અને USAને ચૂંટી કાઢ્યા હતા.

❖ **ભારત–યુનાઈટેડ કિંગ્ડમ (UK)ના સંયુકત કંપની સ્તરના સૈન્ય પ્રશિક્ષણ અભ્યાસ ‘અજય વોરિયર–2021’ની છઠ્ઠી આવૃત્તિનું આયોજન ઉત્તરાખંડના ચોબટિયામાં કરવામાં આવ્યું હતું.**

→ આ સંયુકત અભ્યાસનો ઉદ્દેશ બન્ને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગને મજબૂત કરવાનો અને તેમની વચ્ચે ડિસ્ટન્સ ઓપરેશન્સ વિકસિત કરવાનો છે.

❖ **ભારત અને શ્રીલંકા વચ્ચે 12 દિવસીય મેગા સૈન્ય કવાયત ‘મિત્ર શકિત’ની 8મી આવૃત્તિ 2021 સુધી શ્રીલંકાના પૂર્વીય અમ્પારા જિલ્લામાં કોમ્બેટ ટ્રેઈનિંગ સ્કૂલ ખાતે યોજાઈ હતી.**

→ ભારત અને ચીનના સૈન્યો વચ્ચે નિકટ સંબંધોને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી આ યુદ્ધાભ્યાસ યોજવામાં આવ્યો હતો. કવાયત મિત્ર શકિત–2021 ઉગ્રવાદ અને આતંકવાદ વિરોધી અભિયાનોમાં શ્રેષ્ઠ પદ્ધતિઓનું આદાનપ્રદાન અને આંતરસંચાલનીયતા વધારવા પણ માગે છે. મિત્ર શકિત સૈન્ય કવાયત લાંબાગાળે બન્ને દક્ષિણ એશિયન દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે. તે બેઉ સૈન્યો વચ્ચે તળ સ્તરે સહકાર અને સંકલન લાવવામાં એક ઉદ્દીપક તરીકે કામ કરશે. મિત્ર શકિત યુદ્ધાભ્યાસની 7મી આવૃત્તિ 2019માં મહારાષ્ટ્રના પુણેમાં ફોરેન ટ્રેઈનિંગ નોડ (FTN) ખાતે યોજાઈ હતી.

❖ **તાજેતરમાં ભારત અને બ્રિટન વચ્ચે તેઓની સૌથી મોટી સૈન્ય કવાયત કોંકણ શકિત ભારતના પશ્ચિમ કિનારે શરૂ થઈ હતી.**

→ આ બન્ને દેશો વચ્ચેની સૌપ્રથમ ત્રિ–સેવા સંયુકત કવાયત છે. આ સંયુકત યુદ્ધાભ્યાસનો ઉદ્દેશ એકબીજાના અનુભવોથી પારસ્પરિક લાભ પ્રાપ્ત કરવાનો અને બન્ને દેશો વચ્ચે નિરંતર સહયોગને પ્રદર્શિત કરવાનો છે. તેનો વધુ એક ઉદ્દેશ એક વિરોધી વાતાવરણમાં ગઠબંધન દળો દ્વારા માનવીય સહાયતા અને આપદા રાહત કાર્યોના સંચાલનમાં સૈનિકોને તાલીમ આપવાનો પણ છે.

❖ **સાયબર સુરક્ષા કંપની સર્ફશાર્ક દ્વારા તૈયાર કરાયેલા ડિજિટલ કવોલિટી ઓફ લાઈફ ઈન્ડેકસ (DQL), 2021ની ત્રીજી આવૃત્તિમાં ભારત 110 દેશોમાં 59મા સ્થાને રહ્યું છે.**

→ નોંધનીય છે કે વર્ષ 2020માં ભારત 57મા સ્થાને હતું. ડેન્માર્ક સતત બીજી વાર મોખરે રહ્યું છે. તેની પછીના ક્રમે દક્ષિણ કોરિયા જ્યારે ત્રીજા સ્થાને ફિનલેન્ડ છે. ઈથિયોપિયા સૌથી નીચો 110મો રેન્ક ધરાવતો દેશ છે, જ્યારે કમ્બોડિયા 108મા અને દક્ષિણ એશિયન ક્ષેત્રમાં પ્રથમ ક્રમે છે. અહેવાલ 5 મૂળભૂત સિદ્ધાંતોના આધારે દેશોની ડિજિટલ ગુણવત્તાનું મૂલ્યાંકન કરે છે.

→ **5 મૂળભૂત સિદ્ધાંતો :** ઈન્ટરનેટ અફોર્ડેબિલિટી, ઈન્ટરનેટ કવોલિટી, ઈ–ઈન્ફ્રાસ્ટ્રકચર, ઈ–સુરક્ષા, ઈ–શાસન.

→ **ભારતનું સૌથી ખરાબ માપદંડ રેન્કિંગ :** મોબાઈલ સ્પીડમાં ભારત 109મા, ઈન્ટરનેટ વપરાશકારોની સંખ્યામાં 95મા તથા નેટવર્ક તૈયારી સૂચકાંકમાં 84મા સ્થાને છે.

→ **ભારતનું સર્વશ્રેષ્ઠ માપદંડ રેન્કિંગ :** બ્રોડબેન્ડ ઈન્ટરનેટ સ્થિરતામાં 21મા ક્રમે, મોબાઈલ અર્ફોર્ડેબિલિટીમાં 24મા સ્થાને તથા ઓનલાઈન સેવા સૂચકાંકમાં 24મા ક્રમે છે.

❖ **વિશ્વના સૌથી શકિતશાળી પાસપોર્ટને પ્રદર્શિત કરનારા હેનલે પાસપોર્ટ ઈન્ડેકસ–2021માં ભારતને 199 દેશોમાં 90મું સ્થાન પ્રાપ્ત થયું છે.**

→ હેનલે પાસપોર્ટ ઈન્ડેકસ વિશ્વના બધા જ પાસપોર્ટોનું મૂળ રેન્કિંગ છે, જે એ દર્શાવે છે કે કોઈ એક વિશેષ દેશનો પાસપોર્ટધારક કેટલા દેશોમાં વીઝા લીધા વગર પ્રવાસ કરી શકે છે. તેનું રેન્કિંગ ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન (IATA)ના વિશેષ ડેટા પર આધારિત છે, જે આંતરરાષ્ટ્રીય પ્રવાસની માહિતીનો વિશ્વનો સૌથી મોટો અને સૌથી સચોટ ડેટાબેઝ પ્રદાન કરે છે.

→ આ વર્ષના રેન્કિંગમાં જાપાન અને સિંગાપુરને ટોચનું સ્થાન પ્રાપ્ત થયું છે. આ બન્ને દેશોના પાસપોર્ટધારકોને દુનિયાના 192 દેશોમાં વીઝામુકત પ્રવાસ કરવાની અનુમતિ છે. દક્ષિણ કોરિયા અને જર્મની બીજા ક્રમે છે. જાપાને સતત ત્રીજીવાર હેનલે પાસપોર્ટ ઈન્ડેકસમાં ટોચનું સ્થાન હાંસલ કર્યું છે.

→ આ રેન્કિંગમાં અફઘાનિસ્તાન, ઈરાક, સીરિયા, પાકિસ્તાન અને યમન સૌથી નબળાં પાસપોર્ટ ધરાવતા દેશો છે.

→ ભારત આ ઈન્ડેકસમાં 90મા સ્થાને છે અને ભારતના પાસપોર્ટધારકોને કુલ 58 દેશોમાં વીઝામુકત યાત્રાની અનુમતિ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારત તાજિકિસ્તાન અને બુર્કિના ફાસો સાથે સંયુકત રીતે 90મો રેન્ક ધરાવે છે. જાન્યુઆરી 2021ના ઈન્ડેકસમાં ભારત 85મા, 2020માં 84મા અને 2019માં 82મા સ્થાને હતું.

❖ **ઉત્તર કોરિયા બાદ હવે દક્ષિણ કોરિયાએ સબમરીન લોન્ચ્ડ બેલિસ્ટિક મિસાઈલ (SLBM)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું.**

→ આ પરિક્ષણ કરનારો દક્ષિણ કોરિયા વિશ્વનો 7મો દેશ તથા પરમાણુ શસ્ત્રો વગર પરીક્ષણ કરનારો પ્રથમ દેશ બની ગયો છે. આ SLBMને ઉત્તર કોરિયાની હ્યુનમુ–2B બેલિસ્ટિક મિસાઈલના એક પ્રકાર તરીકે હ્યુનમ 4-4 નામ આપવામાં આવ્યું છે, જે લગભગ 500 કિ.મી. (311 માઈલ)ની યાત્રા કરી શકે છે. અન્ય દેશો જેણે SLBMનું પરીક્ષણ કર્યું છે. તેમાં અમેરિકા, રશિયા, ચીન, બ્રિટન, ફ્રાન્સ, ઉત્તર કોરિયા અને ભારતનો સમાવેશ થાય છે.

❖ **સંયુકત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદ (UNHRC)ના હાઈ કમિશનર મિશેલે બચેલેટે માનવાધિકાર પરિષદને સંબોધિત કરી અને એક મૌલિક અધિકાર તરીકે સ્વચ્છ અને સ્વસ્થ વાતાવરણ સુધી પહોંચને માન્યતા આપી હતી.**

→ નવો પ્રસ્તાવ કોસ્ટારિકા, માલદીવ, મોરોક્કો, સ્લોવેનિયા અને સ્વિટ્ઝર્લેન્ડ દ્વારા પ્રસ્તાવિત હતો અને 43 મતોના મહત્વપૂર્ણ સમર્થન સાથે પસાર કરવામાં આવ્યો હતો. રશિયા, ભારત, ચીન અને જાપાન મતદાનથી અળગા રહ્યા હતા. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના આંકડાઓ અનુસાર, તમામ વૈશ્વિક મૃત્યુમાંથી 24% (પ્રતિવર્ષ લગભગ 13.7 મિલિયન) મૃત્યુ વાયુ પ્રદૂષણ અને રાસાયણિક જોખમોના કારણે પર્યાવરણ સાથે સંબંધિત છે.

Banking Academy

## અર્થવ્યવસ્થા

❖ **હુરુન ઈન્ડિયા અને IIFL વેલ્થે સંયુકતપણે રેન્કિંગ રિપોર્ટ 'IIFL વેલ્થ હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ, 2021' જાહેર કર્યો હતો, જે ભારતના સૌથી અમીર વ્યકિતઓનું 10મું વાર્ષિક રેન્કિંગ છે.**

→ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (RIL) ના ચેરમેન 64 વર્ષીય મુકેશ અંબાણી સતત 10મા વર્ષે આ યાદીમાં ટોચના સ્થાને છે. અંબાણી બાદ અદાણી ગ્રુપના ગૌતમ અદાણી, HCL ના શિવ નાદર 2021ની યાદીમાં બીજા અને ત્રીજા સ્થાને છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, સંચિત સંપત્તિમાં 51%નો વધારો, જ્યારે સરેરાશ સંપત્તિમાં 25%નો વધારો થયો છે. હુરુનની 10મી વર્ષગાંઠનો લોગો સંસ્કૃત શબ્દ 'વીર્ય'થી પ્રેરિત છે. હુરુન ગ્લોબલ 500 મોસ્ટ વેલ્યુએબલ કંપની, 2021 અનુસાર, વિશ્વની 57મી સૌથી મૂલ્યવાન ફર્મ બની ગઈ.

→ ગોદરેજના ત્રીજી પેઢીના ઉત્તરાધિકારી 70 વર્ષીય સ્મિતા વી. કૃષ્ણા ભારતના સૌથી અમીર મહિલા છે, જ્યારે 'બાયોટેક કવીન' કિરણ મજુમદાર શો (68 વર્ષ) આપબળે બનેલા (સ્વ–નિર્મિત) સૌથી અમીર ભારતીય મહિલા છે. કન્ફલ્યુએન્ટના સહસ્થાપક 36 વર્ષીય નેહા નરખેડે ભારતના સૌથી ઓછી ઉંમરના સ્વ–નિર્મિત મહિલા ઉદ્યોગ સાહસિક છે.

→ બ્લૂમબર્ગ બિલિયોનર્સ ઈન્ડેકસ અનુસાર, વિશ્વના અમીર લોકોના દૈનિક રેન્કિંગમાં કુલ 213 અબજ ડોલરની સંપત્તિ સાથે ટેસ્લાના CEO એલન મસ્કે એમેઝોનના સંસ્થાપક જેફ બેઝોસ (197 અબજ ડોલરની કુલ ચોખ્ખી સંપત્તિ) ને પાછળ છોડીને વિશ્વના સૌથી ધનવાન વ્યકિત બની ગયા છે.

❖ **કેન્દ્ર સરકારે રોજગારના અવસરોની તલાશ કરનારા વરિષ્ઠ નાગરિકોને રોજગાર પ્રદાન કરવા એક ઓનલાઈન રોજગાર વિનિમય મંચ SACRED પ્રસ્તુત કર્યું છે.**

→ સામાજિક ન્યાય અને અધિકારરિતા મંત્રાલય દ્વારા વિકસિત આ પોર્ટલનું નામ SACRED (સીનિયર એબલ સિટિઝન ફોર રિ–એમ્પ્લોયમેન્ટ ઈન ડિગ્નિટી) છે. 60 વર્ષથી વધુ વયના નાગરિકો આ પોર્ટલ પર નોંધણી કરાવી શકશે અને રોજગાર તથા કામની તક મેળવવા અરજી કરી શકશે. આ રોજગાર પોર્ટલ માત્ર રોજગારવાંચ્છુ વરિષ્ઠ નાગરિકોને જ નહીં, બલ્કે રોજગારદાતાઓ, સ્વ–સહાય જૂથો (SHGs), કૌશલ્ય પ્રાપ્ત કરનારા વરિષ્ઠ નાગરિકો અને અન્ય એજન્સીઓ અથવા વ્યકિતઓને પણ સેવા પ્રદાન કરશે. સેક્રેડ પોર્ટલના વિકાસ માટે રૂ. 10 કરોડની રકમની સાથે–સાથે તેના જાળવણી માટે 5 વર્ષ સુધી પ્રતિવર્ષ રૂ. 2 કરોડ પ્રદાન કરાશે.

❖ **યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD) દ્વારા ડિજિટલ ઈકોનોમી રિપોર્ટ, 2021 જાહેર કરવામાં આવ્યો.**

→ ડિજિટલ અર્થવ્યવસ્થાને પ્રોત્સાહન પૂરું પાડવા ડેટાના મુકત પ્રવાહની જરૂરિયાત છે. જેથી UNCTAD દ્વારા 6 દેશો પૈકી ફિલિપાઈન્સને પસંદ કરવામાં આવ્યો છે કારણકે તે સીમા પાર ડેટાના મુકત પ્રવાહને મંજૂરી આપે છે. અન્ય પાંચ દેશોમાં કેનેડા, ઓસ્ટ્રેલિયા, મેકિસકો, સિંગાપુર અને અમેરિકાનો સમાવેશ થાય છે. આ દેશો ડેટાના પ્રવાહ માટે લાઈટ ટચ એપ્રોચનો ઉપયોગ કરે છે. યોગ્ય કાનૂની વ્યવસ્થા તથા સંસાધનો ધરાવતા દેશો દ્વારા લાઈટ ટચ એપ્રોચનું સમર્થન કરવામાં આવે છે. સીમા પારના ડેટા પ્રવાહ માટે પ્રતિબંધ અથવા સંરક્ષિત દૃષ્ટિકોણ ધરાવતા દેશોમાં ભારત, ચીન, ઈન્ડોનેશિયા, નાઈજીરિયા, પાકિસ્તાન, કઝાકિસ્તાન, રવાડા, રશિયા, તુર્કી, સાઉદી અરેબિયા અને વિયેતનામનો સમાવેશ થાય છે. UNCTAD દ્વારા દેશોની સીમાઓની બહાર ડિજિટલ ડેટાના મુકત પ્રવાહને સક્ષમ બનાવવું જોઈએ તેવી ભલામણ થઈ છે.

❖ **કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે મૂડી રોકાણકારો અને વેપાર માટે તાજેતરમાં 'નેશનલ સિંગલ વિન્ડો સિસ્ટમ' (NSWS) લોન્ચ કરી હતી.**

→ આ સવલતનું લોન્ચિંગ કરતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે સિંગલ વિન્ડો સિસ્ટમનું લોન્ચિંગ આત્મનિર્ભર ભારતની દિશામાં એક હરણફાળ છે. તેમણે આ અવસરે જણાવ્યું હતું કે આ પોર્ટલ નોંધણીઓ અને મંજૂરીઓ માટે સરકારી દફતરોના દોડમાંથી મુકિત અપાવશે. ભારતીય અર્થતંત્ર પર COVID-19 મહામારીની પ્રતિકૂળ અસર વિષે વાત કરતાં, પીયૂષ ગોયલે કહ્યું હતું કે ત્વરિત રિકવરી સાથે ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રો પૈકીનું એક બનવાની દિશામાં ફરી આવી ગયું છે. તેમણે એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે NSWS સ્ટાર્ટઅપ ઈન્ડિયા, PLI યોજના વગેરે જેવી અન્ય યોજનાઓને તાકાત પૂરી પાડશે.

→ NSWS મંજૂરીઓ અને લીલીઝંડીઓ માટે રોકાણકારોને વન સ્ટોપ શોપ જેવી સુવિધા પૂરી પાડશે. આ પોર્ટલ પારિસ્થિતિકી તંત્રમાં જવાબદેહી, પારદર્શિતા અને પ્રભાવ્યતા લાવશે તથા તમામ માહિતી એક જ ડેશબોર્ડ પર ઉપલબ્ધ બનશે. આ પોર્ટલમાં અત્યારે 18 કેન્દ્રીય વિભાગો અને 9 રાજ્યો સામેલ છે તથા ડિસેમ્બર 2021 સુધી તેમાં 14 અન્ય કેન્દ્રીય વિભાગો અને 9 રાજ્યો સામેલ છે તથા ડિસેમ્બર 2021 સુધી તેમાં 14 અન્ય કેન્દ્રીય વિભાગો અને 5 રાજ્યો જોડવામાં આવશે. તેનો વિકાસ ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ (DPIIT)એ ઈન્વેસ્ટ ઈન્ડિયા સાથે મળીને કર્યો છે.

❖ **ખનિજ આધારિત પોટાશ અંગે ભારતની નિર્ભરતાને ઓછી કરવા માટે પહેલીવાર કેન્દ્ર સરકાર દ્વારા પોષક તત્વ આધારિત સબસિડી (NBS) યોજના (2010માં તેની સ્થાપના બાદ) અંતર્ગત મોલાસિસમાંથી વ્યુત્પન્ન પોટાશ (PDM) લાવવામાં આવ્યું છે.**

→ આ ખાતરને PDM-0:0:14.5:0 ના નામથી પણ ઓળખવામાં આવે છે. આ પહેલના માધ્યમથી સરકાર ખેડૂતોને ખાતર કંપનીઓ દ્વારા 600-800 રૂપિયામાં વેચવામાં આવતી PDMની પ્રતિ 50 કિ.ગ્રા. બેગ ઉપર 73 રૂપિયાની સબસિડી આપશે. સરકાર 2020 સુધી નાઈટ્રોજન (N), ફોસ્ફેટ (P), પોટેશિયમ (K) અને સલ્ફર (S) જેવા જમીનના તત્વોવાળા 22 જાતના ખાતરો માટે NBS યોજના અંતર્ગત સબસિડી નક્કી કરી છે. મે 2021 માં NPK (8-21-21) અને NPK (9-24-24) ના 2 જટીલ ખાતરોને NBS અંતર્ગત સામેલ કરવામાં આવ્યા છે. આ સાથે સંખ્યા 24 કરવામાં આવી છે.

❖ **કેન્દ્રીય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસો (MSME) મંત્રી નારાયણ રાણેએ નવી દિલ્હીમાં વર્ચ્યુઅલી ઈન્ડિયા એકસપોર્ટ ઈનિશિયેટીવ અને SME (લઘુ અને મધ્યમ ઉદ્યમ) ફોરમના પોર્ટલ Indiaxports, 2021 ઈન્ડિયાનું ઉદ્‌ઘાટન કર્યું છે.**

→ આ પોર્ટલ નિકાસને વધારશે અને સ્થાનિકીકરણ સુનિશ્ચિત કરશે. તે ભારતના મેન્યુફેકચરિંગ બેઝમાં સુધારો કરીને ગ્લોબલ મેન્યુફેકચરિંગ પાવરહાઉસ તરીકે કામ કરશે. આ પહેલનો ઉદ્દેશ નિકાસ કરનારા MSME ની સંખ્યાને પ્રોત્સાહન આપવા માટે 2022માં નિકાસમાં 50 ટકાનો વધારો કરવાનો અને 5 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનવાના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં યોગદાન આપવાનો છે.

❖ **એકયુઈટ રેટિંગ્સ એન્ડ રિસર્ચ એન્વાયર્નમેન્ટલ, સોશિયલ એન્ડ ગવર્નન્સ (ESG) પરિબળોના એકીકરણ માટે સંયુકત રાષ્ટ્ર સમર્થિત પહેલ પર હસ્તાક્ષર કરનારી પહેલી ભારતીય ક્રેડિટ રેટિંગ એજન્સી (CRA) બની ગઈ છે.**

→ ESGને 170 થી વધુ રોકાણકારો અને વિશ્વભરમાં 27 CRAનું સમર્થન પ્રાપ્ત છે. જાન્યુઆરી 2021માં, એકયુઈટે રોકાણકારો અને કોર્પોરેટ્સ માટે આકલન કરવા સહાયક ESG રિસ્ક એસેસમેન્ટ એન્ડ ઈનસાઈટ્સની સ્થાપના કરી હતી.

❖ **ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસીઝ સેન્ટર્સ ઓથોરિટી (IFSCA) અને ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક (GIFT) સિટીએ 'આઈ–સ્પ્રિંટ '21' લોન્ચ કર્યું છે.**

→ આઈ–સ્પ્રિંટ IFSCAની વૈશ્વિક ફિનટેક હોકાથોન શ્રેણી છે. જે બેંકિંગ ક્ષેત્ર માટે નાણાકીય ટેકનોલોજી પર કેન્દ્રીત છે. તેનું આયોજન IFSCA અને GIFT સિટી દ્વારા NITI આયોગના સહયોગથી કરવામાં આવી રહ્યું છે. આ હોકાથોનના ભાગીદાર ICICI બેંક, HSBC બેંક, iCreate (ઈન્ટરનેશનલ સેન્ટર ફોર આંત્રપ્રિન્યોરશિપ એન્ડ ટેકનોલોજી) ઝોન સ્ટાર્ટઅપ્સ અને ઈન્વેસ્ટ ઈન્ડિયા છે.

❖ **રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ની સદ્સ્યોની મોનેટરી પોલિસી કમિટી (MPC)એ તાજેતરમાં આયોજિત તેની બેઠકના અંતે જાહેર કરેલા નાણાં નીતિ નિવેદન, 2021-22માં નીતિગત દરો સતત આઠમીવાર યથાવત્ જાળવી રાખ્યા છે.**

→ જેમાં રેપો રેટ 4%, રિવર્સ રેપો રેટ 3.35%, CRR 4.00%, બેંક દર 4.25% તથા MSF દર 4.25% જેમના તેમ રાખવાનો નિર્ણય લેવાયો હતો.

→ રિઝર્વ બેંકે ચાલુ નાણાકીય વર્ષ માટે ફુગાવાના દરનો અંદાજ 5.7% થી ઘટાડીને 5.3% કરી દીધો છે. નાણાકીય વર્ષ 2021-22માં વાસ્તવિક GDP વિકાસ દર અનુમાન 9.5% જાળવી રાખ્યું છે. નાણાકીય વર્ષ 2022-23ના પ્રથમ ત્રિમાસિક (Q1) માટે વાસ્તવિક GDP વૃદ્ધિ દર 17.2% અંદાજ્યો છે.

→ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર શકિતકાન્ત દાસે ઓફલાઈન મોડ પર ડિજિટલ પેમેન્ટ માટેની નવી સ્કીમની જાહેરાત કરી હતી. આ અંગેના પાઈલટ પ્રોજેકટના ઉત્સાહવર્ધક પરિણામો મળ્યા છે. આ સાથે જ દેશભરમાં ઓફલાઈન મોડ પર રીટેલ ડિજિટલ પેમેન્ટનું ફ્રેમવર્ક જાહેર કરવામાં આવશે.

→ RBIએ IMPS (ઈમિડિયેટ પેમેન્ટ સર્વિસ)ની મર્યાદા રૂ. 2 લાખથી વધારીને રૂ. 5 લાખ કરવાની જાહેરાત કરી હતી. IMPS સેવા દ્વારા દિવસના 24 કલાક સુધી ફંડ ટ્રાન્સફર કરી શકાય છે.

## પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

❖ **વર્લ્ડ મીટિયરોલોજિકલ ઓર્ગેનાઈઝેશન (WMO) એ ચેતવણી આપી છે કે પાણીની અછતથી અસરગ્રસ્ત લોકોની સંખ્યા વધવાની અપેક્ષા છે.**

→ રિપોર્ટ 'ધ સ્ટેટ ઓફ કલાઈમેટ સર્વિસીઝ 2021 : વોટર' અનુસાર, 2018માં 3.6 અબજ લોકોને પ્રતિવર્ષ ઓછામાં ઓછો 1 મહિનો પાણીની અપર્યાપ્ત પહોચ હતી. 2050 સુધીમાં આ સ્થિતિ વધીને 5 અબજથી વધુ થવાની અપેક્ષા છે. ટેરેસ્ટ્રિયલ વોટર સ્ટોરેજ (TWS) 20 વર્ષો (2002-2021) માં પ્રતિવર્ષ 1 સેમીના દરે ઘટયું છે. સૌથી વધુ નુકસાન એન્ટાર્કટિકા અને ગ્રીનલેન્ડમાં થયું છે. પૃથ્વી પર માત્ર 0.5 ટકા પાણી છે જે ઉપયોગ કરવા યોગ્ય અને ઉપલબ્ધ તાજું પાણી છે.

→ છેલ્લા 10 વર્ષોમાં પાણી સાથે સંબંધિત જોખમની આવૃત્તિમાં વૃદ્ધિ થઈ છે. 2000 પછી છેલ્લાં બે દશકોની સાપેક્ષમાં પૂર સાથે સંબંધિત આપદાઓમાં 134 ટકાનો વધારો થયો છે. એશિયામાં સૌથી વધુ પૂર સાથે સંબંધિત મૃત્ય અને આર્થિક નુકસાન નોંધાયું છે. બીજી બાજુ, આ જ સમયગાળામાં દુષ્કાળની સંખ્યા અને સમયગાળામાં પણ 29 ટકાનો વધારો થયો છે. સૌથી વધુ દુષ્કાળ સંબંધિત મૃત્યુ આફ્રિકામાં થયા હતા.

→ WMO વિશ્લેષણ અનુસાર, ભારત TWS નુકસાનનું સૌથી મોટું હોટસ્પોટ છે, જેમાં દેશના ઉત્તર ભાગમાં સૌથી વધુ નુકસાન થયુ છે. ભારતમાં પ્રતિવર્ષ ઓછમાં ઓછા 3 સેમીના દરે TWSમાં ઘટાડો થઈ રહ્યો છે. અમુક ક્ષેત્રોમાં નુકસાન પ્રતિવર્ષ 4 સેમીથી વધુ છે. જો એન્ટાર્કટિકા અને ગ્રીનલેન્ડમાં જળ સંગ્રહના નુકસાનને બહાર રાખવામાં આવે તો ભારતે TWSમાં સૌથી વધુ નુકસાન નોંધાવ્યું છે.

→ વધતી જતી વસતીના કારણે ભારતમાં પ્રતિવ્યકિત જળ ઉપલબ્ધતા ઘટતી જાય છે. સરેરાશ પ્રતિવ્યકિત પાણી 2011માં ઘટીને 1,545 કયુબિક મીટર રહ્યું છે, જે 2001માં 1,816 કયુબિક મીટર હતું.

❖ **કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડૉ.મનસુખ માંડવિયા અને મત્સ્યો ઉદ્યોગો, પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ 'વર્લ્ડ રેબીઝ ડે'ના અવસરે નેશનલ એકશન પ્લાન ફોર ડોગ મીડિયેટેડ રેબીઝ એલિમિનેશન બાય 2030 (NAPRE- કૂતરાથી પ્રસરતા હડકવાના વર્ષ 2030 સુધીમાં નિર્મૂલન માટેની રાષ્ટ્રીય કાર્ય યોજના) જાહેર કરી છે.**

→ આ એકશન પ્લાન વર્ષ 2030 સુધીમાં હડકવાને નેસ્તનાબૂદ કરવાની એક રૂપરેખા તરીકે દાખલ કરાયો છે.

❖ **સ્વચ્છ ભારત અને ઉન્નત ભારત મિશનને આગળ ધપાવીને સરકારે દેશની કચરાની સમસ્યાનું સમાધાન કરવા માટે ટેકનોલોજી પ્રદાતાઓ, સરકારી હિતધારકો, શહેરી સ્થાનિક સંસ્થાઓ અને ઉપયોગકર્તાઓને એક મંચ પર લાવવા માટે 'વેસ્ટ ટુ વેલ્થ' નામક વેબપોર્ટલ લોન્ચ કર્યું છે.**

→ વેસ્ટ ટુ વેલ્થ મિશન શૂન્ય લેન્ડફિલ અને ઝીરો વેસ્ટ નેશન બનાવવા માટે કચરાની સાયન્ટિફિક પ્રોસેસિંગને મહત્વ આપે છે. વેસ્ટ ટુ વેલ્થ મિશન પ્રાઈમ મિનિસ્ટર્સ સાયન્સ, ટેકનોલોજી એન્ડ ઈનોવેશન એડવાઈઝરી કાઉન્સિલ (PMSTIAC)ના 9 વૈજ્ઞાનિક મિશનો પૈકીનું એક છે. આ પોર્ટલ વેસ્ટ ટુ વેલ્થ મિશન દ્વારા શરૂ કરાયેલી નવી ટેકનોલોજી અને પ્રોજેકટો અંગે ડેટા પ્રદાન કરશે, દરેક પ્રોજેકટની પ્રગતિને ટ્રેક કરશે. આગામી પડકારોનો સામનો કરશે અને ઉપયોગકર્તાઓમાં જાગૃતિ લાવશે. વેસ્ટ ટુ વેલ્થ મિશનનું નેતૃત્વ મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર (PSA)ના કાર્યાલય દ્વારા કરવામાં આવે છે. શૈલજા વૈદ્ય ગુપ્તા આ મિશનના નિર્દેશક છે.

❖ **22 ઓકટોબર, 2021ના ભારતે સ્વદેશમાં વિકસિત હાઈસ્પીડ એકસ્પેન્ડેબલ એરિયલ ટાર્ગેટ (HEAT) 'અભ્યાસ'નું ઓડિશામાં બંગાળની ખાડીના કિનારે ચાંદીપુર ખાતેની ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) પરથી સફળ પરીક્ષણ કર્યું હતું.**

→ DRDOના અધિકારીઓ અનુસાર, ઉડ્ડયન પરીક્ષણ DRDO દ્વારા બાલાસોર નજીક ચાંદીપુરની તેની ITR ખાતેથી કરાયું હતું. અભ્યાસ (ABHYAS)ની ડિઝાઈન અને વિકાસ DRDOના એરોનોટિકલ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (ADE), બેંગલુરુએ કર્યો છે. પરીક્ષણ વિકાસાત્મક ઉડ્ડયન પરીક્ષણોના ભાગરૂપે હાથ ધરાયું હતું.

→ સંપૂર્ણપણે સ્વદેશમાં વિકસિત ટાર્ગેટ એરક્રાફ્ટ 'અભ્યાસ' એક વખત વાણિજ્યિક ધોરણે વિકસી જાય એટલે તે ભારતીય સશસ્ત્ર દળો માટે હાઈસ્પીડ એક્સ્પેન્ડેબલ એરિયલ ટાર્ગેટ્સ (HEAT)ની જરૂરિયાતોને પહોંચી વળશે. ઉડ્ડયન પરીક્ષણ દરમિયાન, વાહનને ટ્વિન અંડરસ્લંગ બૂસ્ટર્સનો ઉપયોગ કરી લોન્ચ કરાયું હતું. ટાર્ગેટ એરક્રાફ્ટની કામગીરી પર ટેલિમેટ્રી અને રડાર્સ તથા ઈલેક્ટ્રો–ઓપ્ટિકલ ટ્રેકિંગ સિસ્ટમ (EOTS) સહિતના વિવિધ ટ્રેકિંગ સેન્સર્સ દ્વારા નિગરાની રખાઈ હતી.

→ 'અભ્યાસ' સબસોનિક ઝડપે લાંબા અંતર સુધી ઉડ્ડયન કરી શકે તે માટે ગેસ ટર્બાઈન એન્જિનથી સંચાલિત છે. અધિકારીઓ અનુસાર, ટાર્ગેટ એરક્રાફ્ટ નેવિગેશન માટે MEMS (માઈક્રો–ઈલેક્ટ્રોમિકેનિકલ સિસ્ટમ્સ) આધારિત ઈનર્શિયલ નેવિગેશન સિસ્ટમ (INS)થી સુસજ્જ છે. તેમાં માર્ગદર્શન અને નિયંત્રણ માટે ફ્લાઈટ કન્ટ્રોલ કમ્પ્યૂટર (FCC) પણ ફિટ કરાયું છે. વાહનને પૂર્ણ ઓટોનોમસ ફ્લાઈટ માટે પ્રોગ્રામ કરાયું છે. એર વાહનનું ચેક–આઉટ લેપટોપ આધારિત ગ્રાઉન્ડ કન્ટ્રોલ સ્ટેશન (GCS)નો ઉપયોગ કરીને કરાયું હતું.

❖ **તાજેતરમાં 3 સંયુકત રાષ્ટ્ર (UN) એજન્સીઓ ફૂડ એન્ડ એગ્રિકલ્ચરલ ઓર્ગેનાઈઝેશન (FAO), યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) અને યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP)એ 'અ મલ્ટિ બિલિયન ડોલર ઓપર્ચ્યુનિટી : રિપર્ચેઝિંગ એગ્રિકલ્ચર સપોર્ટ ટુ ટ્રાન્સફર્મ ફૂડ સિસ્ટમ્સ' શીર્ષકથી રિપોર્ટ જાહેર કર્યો છે.**

→ આ રિપોર્ટ ખેડૂતોને દેશોના સમર્થન અને ખાદ્ય કિંમતો, પર્યાવરણ, ગ્લોબલ વોર્મિંગ અને ખેડૂતો, વિશેષરૂપ નાના જમીન ધારકો પર તેની પ્રતિકૂળ અસરોનું વિશ્લેષણ છે. આ રિપોર્ટ UN ખાદ્ય પ્રણાલી શિખર સંમેલન, 2021 પહેલાં જાહેર થયો હતો. જેનું આયોજન 23 સપ્ટેમ્બરના રોજ ન્યૂયોર્ક (અમેરિકા)માં સંયુકત રાષ્ટ્ર મહાસભા (UNGA) દરમિયાન કરવામાં આવ્યું હતું. આ રિપોર્ટનો ઉદ્દેશ દેશોને કૃષિ નાણાંભંડોળના નકારાત્મક પક્ષ અંગે સૂચિત કરવાનો જે વિશ્વને સતત વિકાસ લક્ષ્યો (SDGs) પ્રાપ્ત કરવાથી દૂર કરી રહ્યા છે, તેથી કૃષિ સહાય પ્રણાલીઓના સુધારાની ભયપ્રદ જરૂરિયાત છે.

→ સમકાલીન ખાદ્ય ઉત્પાદન પ્રણાલી ઉચ્ચ ગ્રીન હાઉસ ગેસ (GHG)નું ઉત્સર્જન કરે છે ખાંડ અને બીફ ઉત્પાદન શ્રેણી જેવા સૌથી વધુ ઉત્સર્જન સઘન ક્ષેત્રો માટે સહાયતા પ્રદાન કરવામાં આવી રહી છે. ઔદ્યોગિક ખાદ્ય ઉત્પાદન અને વપરાશમાં વધારાએ બિનચેપી રોગોને જન્મ આપ્યો છે. સમર્થન અને પ્રોત્સાહન અમુક વસ્તુઓ પર લક્ષિત હોય છે. જેનાથી તમામ ખેડૂતોને લાભ થતો નથી. આ સિવાય, તેઓ ઉત્પાદન પદ્ધતિઓ અને વ્યવહારોને પ્રોત્સાહિત કરે છે જે સ્વાસ્થ્ય, સ્થિરતા, ઈકિવટી અને ખાદ્ય પ્રણાલીઓની દક્ષતા માટે હાનિકારક બની શકે છે. વર્તમાન સિસ્ટમે હંમેશા ઉત્પાદનોની સાપેક્ષમાં કોર્પોરેટ્સની વધુ મદદ કરી છે.

❖ **તાજેતરમાં અર્ન્સ્ટ એન્ડ યંગ ગ્લોબલ લિમિટેડ (EY)ના રિન્યૂએબલ એનર્જી કન્ટ્રી એટ્રેકિટવનેસ ઈન્ડેકસ, 2021 (RECAI)માં ભારતે ત્રીજો રેન્ક જાળવી રાખ્યો છે.**

→ RECAI 2003થી જાહેર કરવામાં આવતો દ્વિવાર્ષિક રિપોર્ટ છે જે અંતર્ગત, EY વિશ્વના ટોપ 40 દેશોને તેના અક્ષય ઊર્જા રોકાણ અને તહેનાતીની તકોના આકર્ષણના આધારે રેન્ક પ્રદાન કરે છે. પર્યાવરણ, સામાજિક અને શાસન (ESG) ઉપાયોનો RECAIના મુખ્ય ઉપાયો તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. COVID-19 હોવા છતાં પણ 2020માં અક્ષય ઊર્જા ક્ષમતામાં રોકાણ 2% વધીને 303.5 અબજ ડોલર થઈ ગયું અને અક્ષય ઊર્જા સ્થાપિત કરવામાં 45% (2019ની સાપેક્ષમાં) વધીને 265 GW થઈ ગઈ છે. (1999 બાદ આ સૌથી ઝડપી વિકાસ દર છે) આ સૂચકાંકમાં અમેરિકા પ્રથમ ક્રમે જ્યારે ચીન બીજા ક્રમે છે.

→ કોર્પોરેટ પાવર પર્ચેઝ એગ્રીમેન્ટ (PPA) ઈન્ડેકસને RECAIની વર્તમાન આવૃત્તિમાં જોડવામાં આવ્યું છે, જેમાં ભારત ટોપ 30 PPA બજારમાં છઠ્ઠા સ્થાને છે. આ સૂચકાંક અક્ષય ઊર્જા ખરીદીના આકર્ષણ પર કેન્દ્રીત છે અને દેશના કોર્પોરેટ PPA બજારની વિકાસ ક્ષમતાને રેન્કિંગ આપે છે. 2020માં કોર્પોરેટ PPAમાં રેકોર્ડ 23.7 GW અક્ષય ઊર્જાની ખરીદી કરી હતી. PPA ઈન્ડેકસ 4 સ્તંભો પર કેન્દ્રીત છે. જેમકે PPA માર્કેટ મેચ્યોરિટી, PPA ફ્યુચર માર્કેટ, PPA પોલિસી સ્કોર અને RECAI સ્કોર.

❖ **જર્મન રેલ ઓપરેટર ડ્યૂશ બાન (DEUTSCHE BAHN) અને જર્મન એન્જિનિયરિંગ કંપની સીમેન્સે જર્મનીના હેમ્બર્ગમાં વિશ્વની સૌપ્રથમ ઓટોમેટેડ, ડ્રાઈવરલેસ (ચાલકરહિત) ટ્રેન લોન્ચ કરી હતી.**

→ આ સ્વચાલિત ટ્રેન જર્મનીમાં ઉત્તરીય શહેરના S-બાન રેપિડ અર્બન રેલ નેટવર્કમાં જોડાશે.

❖ **વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)એ સહયોગીઓ (UNICEF, PATH, ગેટ્સ ફાઉન્ડેશન સહિત) સાથે મળીને મેનિન્જાઈટિસ (Meningitis)ને હરાવવા માટે પહેલી વૈશ્વિક રણનીતિ શરૂ કરી છે.**

→ 2030 સુધીમાં મેનિન્જાઈટિસને હરાવવા માટે WHOના મહાનિર્દેશક ડો.તેદ્રોસ એધાનોમ ઘેબ્રેયેસુસે જીનિવા (સ્વિટ્ઝર્લેન્ડ)માં એક બેઠક દરમિયાન વૈશ્વિક રોડમેડ જાહેર કર્યો હતો. વર્તમાન રોડમેપ અનુસાર, WHO અને તેના સહયોગીઓએ 2030 સુધીમાં બેકટેરિયલ મેનિન્જાઈટિસને સમાપ્ત કરવા અને કુલ મૃત્યુને 70% સુધી ઓછા કરવાનો લક્ષ્ય રાખ્યો છે. મેનિન્જાઈટિસ એક મહામારી તરીકે વિશ્વભરમાં ફેલાયેલો છે, તેમ છતાં 26 ઉપ–સહારા આફ્રિકન દેશોમાં સૌથી વધુ પ્રચલિત છે.

→ મેનિન્જાઈટિસ એક દાહક બીમારી (Inflammatory Disease) છે જે મગજ અને કરોડરજ્જુને ઘેરતા મેમ્બ્રેનને અસર કરે છે. આ બીમારી વાઈરસ અથવા બેકટેરિયાથી થઈ શકે છે.

❖ **હિન્દુસ્તાન એરોનોટિકસ લિમિટેડ (HAL)એ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ને 'SC120-LOX' નામક સૌથી ભારે સેમી–ક્રાયોજેનિક પ્રોપેલન્ટ ટેન્ક સોંપી છે.**

→ આ એક સેમી–ક્રાયોલિકિવડ ઓકિસજન (LOX) ટેન્ક છે, જે GSLV MARK IIIના L110 તબક્કાની જગ્યાએ SC 120 તબક્કાનો ભાગ છે. વિશેષરૂપે HAL 1 એરોસ્પેસ ડિવિઝને ISROના વિવિધ અવકાશ મિશનો માટે 244 પ્રોપેલન્ટ ટેન્ક અને 95 પાણીની ટેન્ક આપી છે, જેમાં PSLV, GSLV MK-II અને GSLV MK-III મિશન સામેલ છે. અગાઉ, નવેમ્બર 2020માં HAL એ ISROને અત્યાર સુધીની સૌથી મોટી ક્રાયોજેનિક લિકિવડ હાઈડ્રોજન ટેન્ક (C32-LH2) આપી હતી. જેનો વ્યાસ 4 મીટર અને લંબાઈ 8 મીટર છે.

❖ **તાજેતરમાં ભારત સરકારે ભૂગર્ભ જળ વ્યવસ્થાપન માટે હેલિ સર્વે ટેકનોલોજીને લોન્ચ કરી છે.**

→ રાજસ્થાનમાં 5 ઓકટોબરથી આ સર્વે શરૂ કરવામાં આવ્યો છે, આ સર્વે પ્રથમ તબક્કામાં રાજસ્થાન, પંજાબ, ગુજરાત અને હરિયાણામાં હેલિ બોર્ન સર્વેક્ષણ કરવામાં આવશે. સૂકા વિસ્તારોમાં ભૂગર્ભ જળનો સ્ત્રોત જાણવા તથા નકશાઓ બનાવવા આ હેલિ બોર્ન સર્વે ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. આ ટેકનોલોજી

જમીનથી 500 મીટર ઊંડાઈ સુધીનું 3D ચિત્ર આપી શકે છે. આ ટેકનિકથી પાણીના સ્ત્રોત મળતા ખેડૂતોની આવક બેગણી કરવામાં અને હર ઘર નલ સે જલ યોજનામાં મદદ મળશે. આ ટેકનિકને CSIR-NGRI હૈદરાબાદ દ્વારા વિકસાવવામાં આવી છે. 150 કરોડના ખર્ચે એવા બે તબક્કાઓમાં પ્રોજેક્ટનું અમલીકરણ થશે અને તેને લાગુ કરવા કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ (CSIR) નેશનલ એકિવફર મેપિંગ પ્રોજેક્ટ હેઠળ જળશકિત મંત્રાલય સાથે ભાગીદારી કરી છે. ભારતના 12% જેટલા વિસ્તારને શુષ્ક માનવામાં આવે છે, જ્યાં વાર્ષિક વરસાદની માત્રા 100 થી 400 મિમી વચ્ચે રહે.

## રમત–જગત, નિમણૂંક, વ્યકિત, પુસ્તક, નિધન

- **ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ ફેડરેશન (ISSF) જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપ રાઈફલ / પિસ્તોલ / શોટગનનું આયોજન લીમા (પેરુ)માં કરવામાં આવ્યું હતું.**
  - → ભારતે 2021 ISSF જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપમાં 43 મેડલ સાથે ટોચનું સ્થાન હાંસલ કર્યું હતું, જેમાં 17 ગોલ્ડ, 16 સિલ્વર અને 10 બ્રોન્ઝ મેડલ સામેલ છે. અમેરિકા 21 મેડલ સાથે મેડલ ટેલીમાં બીજા સ્થાને છે, ત્યારબાદ ઈટાલી 10 મેડલ સાથે ત્રીજા ક્રમે છે.
  - → ઐશ્વર્યપ્રતાપ સિંહ તોમર (20 વર્ષ) એ 463.4 પોઈન્ટના સ્કોર સાથે જુનિયર ફાઈનલ વર્લ્ડ રેકોર્ડ તોડી નાખ્યો હતો અને 50 મીટર રાઈફલ થ્રી પોઝિશન મેન જુનિયરમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- **કેન્દ્ર સરકારે બાળકો અને યુવાનોને ગંગા અને અન્ય નદીઓની સ્વચ્છતા અને સફાઈ માટે જાગૃત બનાવવા તાજેતરમાં નમામિ ગંગે કાર્યક્રમના મેસ્કોટ (પ્રતીક) તરીકે એક લોકપ્રિય કોમિક કેરેક્ટર (ચરિત્ર) ચાચા ચૌધરીનું અનાવરણ કર્યું હતું.**
- **બાર્બાડોસ નામના કેરેબિયન ટાપુએ પ્રજાસત્તાક બનવાના પ્રયાસમાં તેના સૌપ્રથમ રાષ્ટ્રપતિ ચૂંટી કાઢયા છે.**
  - → 20 ઓકટોબર, 2021ના દેશની વિધાનસભા અને સંસદના સંયુકત સત્ર દરમિયાન 2/3 બહુમતી સાથે સેન્ડ્રા મેસન બાર્બાડોસના અત્યારસુધીના પહેલાંવહેલાં રાષ્ટ્રપતિ ચૂંટાયા હતા.
- **ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકારે ભારતીય અભિનેત્રી 'થલાઈવી' કંગના રણૌતને તેની 'વન ડિસ્ટ્રિકટ–વન પ્રોડકટ' (ODOP) યોજનાની બ્રાન્ડ એમ્બેસેડર નિયુકત કરી છે.**
  - → ODOP યોજનાનો ઉદ્દેશ ઉત્તર પ્રદેશના 75 જિલ્લાઓને ઉત્પાદન–વિશિષ્ટ પરંપરાગત ઔદ્યોગિક કેન્દ્ર બનાવવાનો છે. આ કાર્યક્રમ ઉત્તર પ્રદેશના એ સ્થાનિક અને વિશિષ્ટ ઉત્પાદનો અને શિલ્પના વિકાસની સુવિધા પ્રદાન કરે છે જે બીજે કયાંય ઉપલબ્ધ નથી. આ યોજના સૌથી પહેલાં ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા શરૂ કરાઈ છે.
- **માનવ સંસાધન વિકાસ મંત્રાલય અને માહિતી તથા પ્રસારણ મંત્રાલયના પૂર્વ સચિવ તથા કરોડો રૂપિયાના ચારા કૌભાંડનો પર્દાફાશ કરનારા અમિત ખરેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સલાહકાર નિયુકત કરાયા છે.**
  - → અમિત ખરે 1985ની બેચના બિહાર–ઝારખંડ કેડરના IAS અધિકારી છે. તેમનો કાર્યકાળ પ્રારંભે બે વર્ષનો રહેશે.
- **2011થી સૌરાષ્ટ્રની સીનિયર ક્રિકેટ ટીમમાં વિકેટકીપર કમ બેટ્સમેન તરીકે રમતા અવિ બારોટનું 15 ઓકટોબર, 2021ના રોજ હાર્ટ એટેકથી માત્ર 29 વર્ષની વયે નિધન થયું.**
  - → અવિ બારોટે 2011ના U-19 વર્લ્ડ કપમાં ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તાજેતરમાં જ રમાયેલી GI T20 ટુર્નામેન્ટમાં ગુજરાત સામેની ફાઈનલ મેચમાં માત્ર 43 બોલમાં 72 રન ફટકારીને અવિએ સૌરાષ્ટ્રની ટીમને ચેમ્પિયન બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો.
- **રામાનંદ સાગરની અતિ લોકપ્રિય ટી.વી. સીરિયલ રામાયણમાં નિષાદરાજનું પાત્ર ભજવનારા ગુજરાતી અભિનેતા ચંદ્રકાન્ત પંડયાનું 78 વર્ષની વયે લાંબી બિમારી બાદ મુંબઈમાં નિધન થયું.**
  - → ચંદ્રકાન્ત પંડયાનો જન્મ મૂળ ડિસા તાલુકાના જૂની ભીલડી ખાતે 1 જાન્યુઆરી, 1946ના રોજ થયો હતો.
  - → ચંદ્રકાન્ત પંડયાને તેમના ગુરુ ઉપેન્દ્ર ત્રિવેદી અને અરવિંદ ત્રિવેદીએ નાટક કંપનીમાં કામ કરવાની તક આપી હતી, જ્યાંથી તેમની કારકિર્દીની શરૂઆત થઈ હતી. કાદુ મકરાણી ફિલ્મથી બ્રેક મળ્યા બાદ તેમણે ભાદર તારા વહેતાં પાણી, સોનબાઈની ચુંદડી, પાતળી પરમાર, માનવીની ભવાઈ સહિત 110થી વધુ ગુજરાતી ફિલ્મોમાં અભિનય કર્યો હતો. માનવીની ભવાઈ ફિલ્મ માટે તેમને એવોર્ડ મળ્યો હતો.
- **ફીફાએ 11 ઓકટોબર, 2021ના રોજ U-17 વીમેન્સ વર્લ્ડ કપ 2022ના સત્તાવાર મેસ્કોટ 'Ibha'નું અનાવરણ કર્યું હતું.**
  - → U-17 મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ ભારતમાં 11 થી 30 ઓકટોબર, 2022 સુધી યોજાશે. Ibha એ એક એશિયન સિંહણ છે જે નારી શકિતનું પ્રતિનિધિત્વ કરે છે.
- **ભારતીય ફૂટબોલ ટીમે (હુલામણું નામ : ધ બ્લૂ ટાઈગર્સ) 16 ઓકટોબર, 2021ના નેપાળ નેશનલ ફૂટબોલ ટીમ (હુલામણુ નામ : ધ ગુરખાસ)ને માલદીવના માલે ખાતે 3-0થી હરાવી આઠમી વખત ઓરેડુ SAFF ચેમ્પિયનશિપ 2021 જીતી લીધી હતી.**
  - → ક્ષેત્રીય ટુર્નામેન્ટમાં ભારતના સુકાની સુનીલ છેત્રી (49મી મિનિટ), સુરેશસિંહ (50મી મિનિટ) અને સહલ અબ્દુલ સમદ (90મી મિનિટ)એ કરેલા ત્રણ ગોલની મદદથી તેનું પ્રભુત્વ વિસ્તારી વિજય પ્રાપ્ત કર્યો હતો. આ ગોલ સાથે જ 37 વર્ષીય સુનીલ છેત્રી લાયોનેલ મેસ્સીના 80 આંતરરાષ્ટ્રીય ગોલની બરાબરી કરી આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં સક્રિય ખેલાડીઓમાં બીજો સર્વોચ્ચ ગોલ સ્કોરર બની ગયો છે. ભારતીય ફૂટબોલ ટીમના કેપ્ટન સુનીલ છેત્રીએ યજમાન માલદીવ વિરુદ્ધની મેચમાં 13 ઓકટોબર, 2021ના રોજ બ્રાઝિલના દંતકથારૂપ ફૂટબોલ ખેલાડી પેલેના આંતરરાષ્ટ્રીય ગોલ રેકોર્ડને તોડયો હતો. માલદીવ સામેની મેચની 62મી મિનિટમાં છેત્રીએ ગોલ કરીને 77 ઈન્ટરનેશનલ ગોલના પેલેના રેકોર્ડને વટાવ્યો હતો.
- **ઈન્ડિયન સુપર લીગ વતી FC ગોવાએ 3 ઓકટોબર, 2021ના રોજ પશ્ચિમ બંગાળના પાટનગર કોલકાતાના વિવેકાનંદ યુવા ભારતી કીડાંગણ ખાતે ફાઈનલ મુકાબલામાં સ્થાનિક દિગ્ગજ ટીમ મોહમ્મડન સ્પોર્ટિંગ કલબને 1-0 થી પરાજિત કરી પોતાનો સૌપ્રથમ ડુરંડ કપ જીત્યો હતો.**

Banking Academy

- **ઈતિહાસમાં પ્રથમવાર ભારતીય ટેબલટેનિસ ટીમે દોહા (કતાર)માં ઈન્ટરનેશનલ ટેબલટેનિસ ફેડરેશન (ITTF) દ્વારા આયોજિત 2021 એશિયન ટેબલટેનિસ ચેમ્પિયનશિપમાં 3 બ્રોન્ઝ મેડલ જીત્યા છે.**
  - → 3 માંથી બે મેડલ પુરુષ ડબલ્સ સ્પર્ધામાં જ્યારે ત્રીજો મેડલ ભારતીય પુરુષ ટીમે જીત્યો છે.
  - → ભારતીય પુરુષ ટીમ : શરત કમલ અચંતા, સાથિયાન જ્ઞાનશેખરન અને હરમિત દેસાઈ.
  - → પુરુષ ડબલ્સ ટીમ : શરત કમલ અચંતા અને સાથિયાન જ્ઞાનશેખરન.
  - → પુરુષ ડબલ્સ ટીમ : માનવ ઠક્કર અને હરમિત દેસાઈ.

## એવોર્ડ, પુરસ્કાર

- **વિદ્યુત મોહનના નેતૃત્વ તળેના દિલ્હી સ્થિત સાહસના એક કૃષિ અવશેષ રિસાઈકિલિંગ પ્રોજેક્ટ ટાકાચરને 17 ઓક્ટોબર, 2021ના લંડનમાં 'ઈકો ઓસ્કાર' તરીકે પણ ઓળખાતા અર્થશોટ પ્રાઈઝ, 2021થી અલંકૃત કરવામાં આવ્યું છે.**
  - → દિલ્હીના ઉદ્યમી વિદ્યુત મોહનના સુકાન હેઠળના સામાજિક ઉદ્યમ ટાકાચરને 'કલીન અવર એર' શ્રેણીમાં કૃષિ અવશેષોને વેચાણ યોગ્ય જૈવિક ઉત્પાદનોમાં પરિવર્તિત કરતા સસ્તા ટેકનોલોજી અભિનવીકરણ બદલ 10 લાખ પાઉન્ડનું ઈનામ મળ્યું છે.
  - → અર્થશોટ પ્રાઈઝ પ્રિન્સ વિલિયમ અને રોયલ ફાઉન્ડેશન દ્વારા સ્થાપિત પુરસ્કાર છે.
- **નેટવેસ્ટ ગ્રુપના ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર નેટવેસ્ટ ગ્રુપ ઈન્ડિયાએ 20 ઓકટોબર, 2021ના 11મા નેટવેસ્ટ ગ્રુપ 'અર્થ હીરોઝ એવોર્ડ્સ'ના વિજેતાઓની ઘોષણા કરી હતી.**
  - → આ પુરસ્કારના આઠ વિજેતાઓને યુનાઈટેડ નેશન્સના કન્વેન્શન ઓન ધ ઈન્ટરનેશનલ ટ્રેડ ઈન એન્ડેન્જર્ડ સ્પીસીઝ ઓફ વાઈલ્ડ ફલોરા એન્ડ ફૌના (CITES)ના સેક્રેટરી જનરલ મુખ્ય અતિથિ ઈવોન હિગ્યુએરોની ઉપસ્થિતિમાં એક આભાસી સમારોહમાં સન્માનિત કરાયા હતા. કેરળના પરમ્બિકુલમ ટાઈગર કન્ઝર્વેશન ફાઉન્ડેશન (PaTCoF)એ અર્થ ગાર્ડિયન એવોર્ડ જીત્યો છે. આ ફાઉન્ડેશન વન વિભાગ હેઠળ કાર્યરત્ એક બિનનફાકારક સંગઠન છે જે પરમ્બિકુલમ ટાઈગર રિઝર્વમાં વાઘો અને જૈવવિવિધતાના સંરક્ષણને સુવિધાજનક બનાવવા માટે ઝઝૂમે છે.
  - → અર્થ હિરોઝ એવોર્ડ્સ વાર્ષિક ધોરણે પ્રદાન કરાય છે અને તે એક રાષ્ટ્રીય પહેલ છે જે ભારતભરની સંસ્થાઓ અને વ્યકિતઓના પ્રયાસોની કદર કરે છે. એવોર્ડ સમાજ ને પ્રકૃતિ વચ્ચે બેહતર સંબંધ માટે દેશની સમૃદ્ધ જૈવવિવિધતાને સંરક્ષિત રાખીને જળવાયુ પરિવર્તન પલટાવી દેવા અથાગ પુરુષાર્થ કરનારાઓની કદર કરે છે.
- **મેઘાલયના ઈસ્ટ ખાસી હિલ્સ જિલ્લામાં સ્થિત કોંગથોંગ (KONGTHONG) ગામને તાજેતરમાં ભારત સરકારના પ્રવાસન મંત્રાલયે સંયુકત રાષ્ટ્ર વિશ્વ પ્રવાસન સંગઠન (UNWTO)ના શ્રેષ્ઠ પ્રવાસન ગામોના પુરસ્કાર માટે નિયુકત કર્યું છે.**
  - → ભારતના બે અન્ય ગામો મધ્ય પ્રદેશના લાધપુરા ખાસ અને તેલંગાણાના પોચમપલ્લીને પણ UNWTO બેસ્ટ ટુરિઝમ વિલેજીસ એવોર્ડ માટે નોમિનેટ કરાયા છે. કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારામને આ સિદ્ધિ બદલ મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ સંગ્માને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે માહિતી આપી હતી કે કોંગથોગ ગામમાં લોકો કોઈ વ્યકિતને બોલાવવા માટે તેના નામને બદલે ધૂન તૈયાર કરે છે. આથી, તે વ્હિસલિંગ વિલેજ તરીકે ઓળખાય છે.
- **શરાબી પિતા અને પુત્રની સ્ટોરી પર આધારિત તમિલ ફિલ્મ 'કૂઝંગલ' આ વર્ષે ઓસ્કાર એવોર્ડ માટે ભારતની સત્તાવાર એન્ટ્રી હશે.**
  - → પી.એસ. વિનોથરાજના દિગ્દર્શન હેઠળ બનેલી ફિલ્મની પસંદગી 15 સભ્યોની સમિતિએ કરી છે. ઓસ્કાર એવોર્ડ્સ સમારોહ આગામી 27 માર્ચે લોસ એન્જલસમાં યોજાશે. કૂઝંગલે શેરની, સરદાર ઉધમ, શેરશાહ, કાગઝ, તૂફાન જેવી ફિલ્મોને પાછળ છોડીને ઓસ્કાર માટે ભારતની સત્તાવાર એન્ટ્રી તરીકે સ્થાન મેળવ્યું છે.
  - → આ ફિલ્મ નેધરલેન્ડમાં 50મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં ટાઈગર એવોર્ડ જીતીને આ સિદ્ધિ મેળવનારી સૌપ્રથમ તમિલ ફિલ્મ બની હતી.
- **પ્રથમ એજ્યુકેશન ફાઉન્ડેશનના ભારત સ્થિત CEO ડો. રુકિમણી બેનરજી અને સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના અમેરિકા સ્થિત પ્રો.એરિક હનુશેકને 28 સપ્ટેમ્બર, 2021ના રોજ વર્ષ 2021ના 'યિદાન પ્રાઈઝ'થી સન્માનિત કરાયા હતા.**
  - → આ પ્રતિષ્ઠિત પુરસ્કાર યિદાન પ્રાઈઝ ફાઉન્ડેશન દ્વારા એનાયત કરાય છે. તે દુનિયાનું સર્વોચ્ચ શિક્ષણ સન્માન છે. ડો. રુકિમણી બેનરજી અને પ્રો. એરિક હનુશેકને 30 મિલિયન હોંગકોંગ ડોલર (અંદાજે 39 લાખ US ડોલર)ની ઈનામી રકમ મળશે.
  - → યિદાન પ્રાઈઝ વર્ષ 2016માં યિદાન પ્રાઈઝ ફાઉન્ડેશન દ્વારા સ્થાપિત છે. યિદાન પ્રાઈઝ ફાઉન્ડેશન એક વૈશ્વિક પરોપકારી શિક્ષણ ફાઉન્ડેશન છે, જે શિક્ષણના ક્ષેત્રમાં પ્રગતિ અને પરિવર્તનની પ્રેરણા આપે છે. તે શિક્ષણ સંશોધન અને વિકાસમાં યોગદાન આપનારા વ્યકિતઓ કે ત્રણ સભ્યો સુધીની ટીમને શિક્ષણ પુરસ્કારથી સન્માનિત કરે છે.
- **બૌદ્ધ ધર્મના દ્રુકપા સંપ્રદાયના વિશ્વખ્યાત કુંગ ફુ નન્સે હિમાલયમાં લૈંગિક સમાનતાની તેમની બહાદુરી અને વીરતાપૂર્ણ પ્રવૃત્તિઓ બદલ યુનેસ્કોનું પ્રતિષ્ઠિત માર્શલ આર્ટ્સ એજ્યુકેશન પ્રાઈઝ, 2021 જીતી લીધું છે.**
  - → કુંગ ફુ નન્સ યુવાન છોકરીઓને માર્શલ આર્ટ્સના માધ્યમથી પોતાનો બચાવ કરવા, આત્મવિશ્વાસ કેળવવા અને પોતાના સમુદાયોમાં નેતૃત્વની ભૂમિકા અદા કરવા સક્ષમ બનાવે છે. આ પ્રાઈઝ કુંગ ફુ નન્સને યુનેસ્કો ઈન્ટરનેશનલ સેન્ટર ફોર માર્શલ આર્ટ્સ દ્વારા પ્રદાન કરાયું છે.
  - → કુંગ ફુ નન્સ (કુંગ ફુ સાધ્વીઓ) ભારતીય બૌદ્ધ ધર્મના દ્રુકપા વંશની છે. તે 1000 વર્ષ પુરાણો સંપ્રદાય છે. તેનું નેતૃત્વ ગ્યાલવાંગ દ્રુકપા કરી રહ્યા છે.
- **દિલ્હી સ્થિત પર્યાવરણીય સંસ્થા લીગલ ઈનિશિયેટિવ ફોર ફોરેસ્ટ એન્ડ એન્વાયર્નમેન્ટ (LIFE) ને સ્વીડનના વૈકલ્પિક નોબેલ પ્રાઈઝ તરીકે પણ જાણીતા 'રાઈટ લાઈવલીહુડ એવોર્ડ, 2021'થી નવાજવામાં આવી છે.**
  - → LIFEને આ પ્રતિષ્ઠિત એવોર્ડ કમજોર સમુદાયોની આજીવિકાનું રક્ષણ કરી તેમને સશકત બનાવવા અને સ્વચ્છ પર્યાવરણના તેમના અધિકારના દાવા અંગે પાયાના અભિગમ અપનાવવા બદલ એનાયત કરાયો છે.
  - → 'રાઈટ લાઈવલીહુડ એવોર્ડ'ની સ્થાપના સ્વીડિશ–જર્મન પરોપકારી જેન્સ ઓલોન ઉએકસકલે કરી છે. આ એવોર્ડ વૈશ્વિક સમસ્યાઓના નિરાકરણમાં સહાય કરનારા લોકોને સન્માનિત કરે છે. પુરસ્કાર સ્વરૂપે 10 લાખ સ્વીડિશ ક્રાઉન્સ અને લાંબાગાળાની સહાય પૂરી પાડવામાં આવે છે.

❖ **એઈમ્સ દિલ્હીના વડા ડો. રણદીપ ગુલેરિયાને ચિકિત્સા અને મહામારી જાગૃતિના ક્ષેત્રમાં તેમના પ્રેરણાદાયી અને સતત યોગદાન બદલ તાજેતરમાં 22મા લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એવોર્ડ ફોર એક્સેલન્સથી સન્માનિત કરાયા છે.**

→ ઉપરાષ્ટ્રપતિ એમ.વેન્કૈયા નાયડુએ ડો.ગુલેરિયાને પ્રતિષ્ઠિત પુરસ્કારથી નવાજીને તેમને COVID-19 વિરુદ્ધ નિઃસ્વાર્થ ભાવે અથાગ યુદ્ધ છેડવા બદલ ફ્રન્ટલાઈન વોરિયર્સના ભારતના સમર્પિત સૈન્યના 'કમાન્ડર ઈન ચીફ' ગણાવ્યા હતા.

→ લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એવોર્ડ ફોર એક્સેલન્સ વાર્ષિક ધોરણે એનાયત કરાતો ચોથો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર છે. પુરસ્કાર સ્વરૂપે રૂ.5 લાખ રોકડા, એક પ્રશસ્તિપત્ર અને એક તકતી આપવામાં આવે છે.

❖ **મેઘાલયના વન અને પર્યાવરણ મંત્રી જેમ્સ પંગસાંગ કોંગકલ સંગ્માને તેમની 'વીગન લેધર' (શાકાહારી ચામડા)ની પહેલ માટે PETA (પીપલ ફોર ધ એથિકલ ટ્રીટમેન્ટ ઓફ એનિમલ્સ) ઈન્ડિયા, 2021 નો 'પ્રોગ્રેસિવ બિઝનેસ કન્સેપ્ટ એવોર્ડ' એનાયત કરાયો.**

→ જેમ્સ સંગ્માએ ભારતના પૂર્વોત્તર રાજ્યોમાં અનાનસમાંથી 'વીગન લેધર' બનાવવાની પહેલ શરૂ કરી છે. મેઘાલયનું રાજ્ય વહીવટી તંત્ર જળવાયુ પરિવર્તન અને નબળાં પ્રાણીઓના સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે એક સંગ્રહાલય બનાવવાની યોજના ઘડી રહ્યું છે. તેને 'ક્લાઈમેટ ચેન્જ મ્યુઝિયમ' કહેવામાં આવશે.

❖ **કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ – નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઓશનોગ્રાફી (CSIR-NIO), ગોવાના પૂર્વ મુખ્ય વૈજ્ઞાનિક ડો.રાજીવ નિગમને કુશમેન ફાઉન્ડેશનના સર્વોચ્ચ સન્માન જોસેફ એ.કુશમેન એવોર્ડ ફોર એક્સેલન્સ ઈન ફોરામિનિફેરલ રિસર્ચ, 2022થી સન્માનિત કરાશે.**

→ આ લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ માટે પસંદ થનારા ડો.રાજીવ નિગમ પ્રથમ ભારતીય છે. તેમને ફોરામિનિફેરા (સૂક્ષ્મ જીવાશ્મ) અંગે તેમના સંશોધન કાર્ય બદલ આ પ્રતિષ્ઠિત પુરસ્કાર માટે પસંદ કરાયા છે. આ એવોર્ડની સ્થાપના 1979માં કુશમેન ફાઉન્ડેશન દ્વારા ફોરામિનિફેરલ સંશોધન માટે કરાઈ છે.

❖ **પ્રથમવાર ભારતના 8 પુરુષ અને મહિલા ખેલાડીઓએ 2021 ઈન્ટરનેશનલ હોકી ફેડરેશન (FIH)ના વાર્ષિક હોકી સ્ટાર એવોર્ડ્સમાં 'પ્લેયર ઓફ ધ યર' સન્માન જીત્યું છે.**

| પુરસ્કાર | પુરુષ | મહિલા |
|---|---|---|
| પ્લેયર ઓફ ધ યર એવોર્ડ | હરમનપ્રીતસિંહ | ગુરજિત કૌર |
| ગોલકીપર ઓફ ધ યર એવોર્ડ | પી.આર. શ્રીજેશ | સવિતા પુનિયા |
| રાઈઝિંગ સ્ટાર ઓફ ધ યર એવોર્ડ | વિવેક સાગર પ્રસાદ | શર્મિલા દેવી |
| સર્વશ્રેષ્ઠ કોચ પુરસ્કાર | ગ્રાહમ રીડ | સજોર્ડ મારિજને |

❖ **કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે ઘોષણા કરી છે કે ગોવામાં 20 થી 28 નવેમ્બર, 2021 દરમિયાન યોજાનારા 52મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI) ખાતે વિશ્વખ્યાત ફિલ્મ નિર્દેશકો માર્ટિન સ્કોર્સેસ અને ઈસ્તવાન રઝેબોને સૌપ્રથમ સત્યજિત રે 'લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ'થી અલંકૃત કરાશે.**

→ IFFI એ સૌપ્રથમવાર આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં ભાગ લેવા મોટા OTT પ્લેટફોર્મ્સને પણ આમંત્રિત કર્યા છે. IFFI ની 52મી આવૃત્તિ ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ્સ (DFF), માહિતી અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર, ગોવા સરકાર અને ભારતીય ફિલ્મ ઉદ્યોગ દ્વારા હાઈબ્રિડ ફોર્મેટમાં યોજાશે.

❖ **માઈક્રોસોફ્ટના CEO ભારતીય અમેરિકન સત્ય નડેલાને વર્ષ 2021 માટે 'ગ્લોબલ બિઝનેસ સસ્ટેનેબિલિટી લીડરશિપ' માટે પ્રતિષ્ઠિત 'C K પ્રહલાદ પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો છે.**

→ આ પુરસ્કાર વૈશ્વિકીકરણની દુનિયામાં અસાધારણ, વૈશ્વિક સ્તરે મહત્વપૂર્ણ ખાનગી ક્ષેત્રની કામગીરી, નવીનીકરણ અને દીર્ઘકાલીન વ્યાવસાયિક સફળતાને માન્યતા આપે છે.

❖ **હિન્દી દિવસ, 2021ના અવસરે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે 2018-19, 2019-20 અને 2020-21 દરમિયાન રાજભાષામાં ઉત્કૃષ્ટ કાર્ય કરનારાં મંત્રાલયો, વિભાગો અને ઉપક્રમોને રાજભાષા કીર્તિ અને રાજભાષા ગૌરવ પુરસ્કાર પ્રદાન કર્યા.**

→ ગૃહ મંત્રી અમિત શાહે 'રાજભાષા ભારત' પુસ્તિકાના 160મા અંકનું પણ વિમોચન કર્યું હતું.

→ પંજાબ નેશનલ બેંક (PNB)એ સતત ચોથીવાર 2020-2021 માટે રાજભાષા કીર્તિ પુરસ્કારનો પ્રથમ પુરસ્કાર જીત્યો છે. યુનિયન બેંક ઓફ ઈન્ડિયા (UBI)એ વર્ષ 2018-19, 2019-20 અને 2020-21 દરમિયાન હિન્દીના ઉત્કૃષ્ટ અમલીકરણ માટે 5 રાજભાષા કીર્તિ પુરસ્કાર જીત્યા છે. નેશનલ બેંક શ્રેણી અંતર્ગત, UBIની ઈ–કોર્પોરેશન બેંકે 2019-20 'C' ક્ષેત્ર માટે પ્રથમ પુરસ્કાર જીત્યો અને યુનિયન બેંક ઓફ ઈન્ડિયાએ વર્ષ 2020-21 માટે ત્રીજો પુરસ્કાર જીત્યો છે. હાઉસ પત્રિકા શ્રેણી અંતર્ગત, UBI એ વર્ષ 2018-19 માટે 'યુનિયન શ્રીજન' માટે બીજો પુરસ્કાર જીત્યો અને UBIની ઈ–આંધ્ર બેંકે વર્ષ 2018 અને 2019 માટે 'રાજભાષા સરિતા' માટે બીજો પુરસ્કાર જીત્યો છે. ટાઉન ઓફિશિયલ લેંગ્વેજ ઈમ્પ્લિમેન્ટેશન કમિટી (TOLIC) શ્રેણી (C ક્ષેત્ર) અંતર્ગત UBIની ઈ–આંધ્ર બેંકના TOLIC, વિશાખાપટ્ટનમે વર્ષ 2019-2020 માટે બીજો પુરસ્કાર જીત્યો છે. બેંક ઓફ મહારાષ્ટ્ર અને પંજાબ એન્ડ સિંધ બેંકે પણ રાજભાષા કીર્તિ પુરસ્કાર જીત્યો છે.

→ પોલાદ મંત્રાલય અંતર્ગત નેશનલ મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NMDC) લિ. એ 2019-20 માટે અંડરટેકિંગ શ્રેણી C ક્ષેત્ર અંતર્ગત રાજભાષા કીર્તિ પુરસ્કાર (ત્રીજો પુરસ્કાર) જીત્યો છે.

→ રાષ્ટ્રીય ઈસ્પાત નિગમ લિ. વિશાખાપટ્ટનમ સ્ટીલ પ્લાન્ટ (RINL-VSP) એ 2020-21 અને 2019-2020 માટે રાજભાષા કીર્તિ પુરસ્કાર (પ્રથમ પુરસ્કાર) જીત્યો છે.

→ BELના અધિકારી શ્રીનિવાસે બિનહિંદી શ્રેણી (2018-19) અંતર્ગત રાજભાષા ગૌરવ પુરસ્કાર (બીજો પુરસ્કાર) જીત્યો છે.

❖ **ટોકયો ઓલિમ્પિક અને પેરાલિમ્પિકમાં ભારતના પ્રેરણાદાયી પ્રદર્શનનું પ્રતિબિંબ આ વખતે ખેલ પુરસ્કારોમાં ઝીલાયું છે.**

→ ટોકયો ઓલિમ્પિકમાં ભારતના ગોલ્ડન બોય નીરજ ચોપરા, લવલીના બોરગોહેન, રવિ દહિયા અને મહિલા ક્રિકેટર મિતાલી રાજ સહિત અભૂતપૂર્વ 11 રમતવીરોને દેશનો સર્વોચ્ચ ખેલકૂદ પુરસ્કાર મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ આપવા માટે ભલામણ કરાઈ છે. ખેલ રત્ન એવોર્ડ ઉપરાંત, પસંદગી

સમિતિએ અર્જુન એવોર્ડ માટે 35 રમતવીરોની ભલામણ કરી છે, જે ગત વર્ષના આંકડા કરતાં આઠ વધુ છે. બીજી તરફ દ્રોણાચાર્ય એવોર્ડ ટી.પી.ઓસેફ, રાધાકૃષ્ણ નાયર, સંદીપ સંગવાન સહિત અન્યોને અપાશે.

→ **મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડ :** નીરજ ચોપરા, રવિ દહિયા, લવલીના બોરગોહેન, પી.આર. શ્રીજેશ, મિતાલી રાજ, સુનીલ છેત્રી, અવની લેખડા, મનીષ નરવાલ, સુમિત અંતિલ, પ્રમોદ ભગત, કૃષ્ણ નાગર.

→ **અર્જુન એવોર્ડ :** યોગેશ કથુનિયા, પ્રવીણકુમાર, નિશાદકુમાર, સુહાસ યતિરાજ, સિંઘરાજ અધાના, ભાવિના પટેલ, હરવિંદરસિંહ, શરદકુમાર, ભારતીય પુરુષ હોકી ટીમ (પી.આર. શ્રીજેશ અને મનપ્રીતસિંહ સિવાય), શિખર ધવન, વંદના કટારિયા, મોનિકા, ભવાનીદેવી, સિમરનજિત કૌર, સંદીપ નરવાલ, અંકિતા રૈના.

→ **દ્રોણાચાર્ય એવોર્ડ :** ટી.પી. ઓસેફ, રાધાકૃષ્ણ નાયર, સંદીપ સંગવાન.

→ નોંધનીય છે કે મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડમાં રૂ. 25 લાખ અને સ્મૃતિચિહ્ન જ્યારે અર્જુન એવોર્ડમાં રૂ. 15 લાખ અને સ્મૃતિચિહ્ન પ્રદાન કરાય છે. સુનીલ છેત્રી ખેલ રત્ન એવોર્ડ મેળવનારો ભારતનો પ્રથમ ફૂટબોલર બનશે.

## મહત્વના દિવસો

- **2 થી 8 ઓકટોબર, 2021 : વાઈલ્ડલાઈફ વીક (ભારતનું વન્યજીવ સપ્તાહ)**
  – થીમ : 'ફોરેસ્ટ્ એન્ડ લાઈવલીહુડ્સ : સસ્ટેનિંગ પીપલ એન્ડ પ્લાનેટ.' વન અને આજીવિકા : લોકો અને ગ્રહને ટકાવી રાખવા
- **21 ઓકટોબર, 2021 : 'પોલીસ સ્મૃતિ દિવસ' (National Police Commermoration Day)**
- **23 ઓકટોબર, 2021 : આંતરરાષ્ટ્રીય હિમ ચિત્તો દિવસ (International Snow Leopard Day)**
- **24 ઓકટોબર, 2021 : ઈન્ડો–તિબેટ બોર્ડર પોલીસ (ITBP) નો 60મો સ્થાપના દિવસ**
- **24 ઓકટોબર, 2021 : 'સંયુકત રાષ્ટ્ર દિવસ'**
  – થીમ : Building back together for Peace and Prosperity
- **24 ઓકટોબર, 2021 : વિશ્વ પોલિયો દિવસ**
  – થીમ : Delivering on a promise
- **24 ઓકટોબર, 2021 : World Development Information Day**
- **26 ઓકટોબર થી 1 નવેમ્બર : સતર્કતા જાગૃતિ સપ્તાહ (Vigilance Awarenes Week)**
- **31 ઓકટોબર, 2021 : રાષ્ટ્રીય એકતા દિવસ (National Unity Day)**
- **31 ઓકટોબર, 2021 : World Cities Day**
  – થીમ : Adapting Cities for Climate Resilience

Banking Academy